Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ ઉપદેશક પદ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિ ) | ૧૪૭ |
| ૨ સાચી કમાણી શું કરી ? | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૧૪૮ |
| ૩ સૃષ્ટિનું તંત્ર કેવી રીતે ચાલે છે ? | ( મોહનલાલ દી. ચોકસી ) | ૧૪૯ |
| ૪ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજીને | ( મુનિ હેમેન્દ્રસાગરજી ) | ૧૫૨ |
| ૫ સં. ૧૭૪૬ માં જૈન મંદિરવાળાં કેટલાંક ગામો | ( મુનિ શ્રી જયંતવિજયજી મહારાજ ) | ૧૫૫ |
| ૬ પાંચ સકાર | ( અનુ. અભ્યાસી. B. A. ) | ૧૬૦ |
| ૭ ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય: અનુવાદ | ( ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા ) | ૧૬૫ |
| ૮ શ્રી શ્રુ | ( પં. ધર્મવિજયજીગણિ ) | ૧૬૭ |
| ૯ આપણું અપૂર્વ સાહસ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૧૭૦ |
| ૧૦ વર્તમાન સમાચાર | ... ... ... ... ... | ૧૭૩ |


---

## 'શ્રી આત્માનંદ પ્રકાશ'ના ગ્રાહકોને ભેટનું પુસ્તક

શ્રી મહામેઘવાહન જૈન રાજા ખારવેલ નામનું પુસ્તક વી. પી. દ્વારા ભેટ મોકલાઇ ગયેલ છે અને આ ભેટનું પુસ્તક પ્રશંસાપાત્ર અને ઐતિહાસિક જાણવા જેવા હકીકતો માટે ઉપયોગી થયાના સમાચાર ગ્રાહકો પાસેથી જાણી અમારો આનંદ વ્યકત કરવા સાથે ગ્રાહકોએ કરેલ કદર માટે આભાર માનીએ છીએ.

કેટલાક ગ્રાહકો તરફથી **ભૂલથી કે સમજફેર** અને **બહારગામ** હોવાના કારણે ભેટની બુકનું વી. પી. કરેલ પાછું આવેલ છે તે ફરી તે તે ગ્રાહકોને માહ શુદ ૨ ના રોજથી ફરી મોકલવામાં આવશે તે સ્વીકારી લેવા ભલામણ છે.

---

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થયેલ હોવાથી ચાલતા ધોરણ મુજબ મોકલવા શરૂ થયેલ છે, જેઓને ન પહોંચ્યા હોય તેઓશ્રી એ અમોને લખી જણાવવા નમ્ર સૂચના છે.

**૧ શ્રી મહાવીર જીવનચરિત્ર** ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૦-૦

**૨ શ્રી આત્મકાન્તિ પ્રકાશ**—પૂજ્ય પ્રવતર્કજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિરસભર્યાં વિવિધ સ્તવનો (જેમાં મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ થયેલો છે.)

**૩. " મહામેઘવાહન જૈન રાજા ખારવેલ "** પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતો સહિત ગ્રંથ. રૂા. ૧-૦-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

અંક ૬ ઠ્ઠો, પોષ: ૧૯૯૫, જાન્યુઆરી: ૧૯૩૯

## ક....વ્વા....લી

મળ્યું છે માનવી જીવન, બને તો ધર્મ કરતો જા;
પાપનું ઝેર ઢોળીને, પુણ્યપીયૂષ ભરતો જા. ૧
રાગ ને દ્વેષની વાતો, સ્મરણમાંથી વિસરતો જા;
અશાન્તિ લોભને ટાળી, શાન્તિ સંતોષ ધરતો જા. ૨
વિષયની વાસના છોડી, હવે તો તું સુધરતો જા;
ગુલામીથી થવા છૂટો, પ્રતિજ્ઞાઓ ઉચ્ચરતો જા. ૩
મોતની બ્હીક લાગે તો, પ્રભુ પંથમાં વિચરતો જા;
ગતિ તું શ્રેષ્ઠ મેળવવા, પાપથી ખૂબ ડરતો જા. ૪
ભરેલો ભાગ્ય-લક્ષ્મીથી, અભાગીમાં વિતરતો જા;
વિચારી વસ્તુની સ્થિતિ, વિપત્તિ-વારિ તરતો જા. ૫
નિરાગી દેવને સેવી, ભવાબ્ધિથી નિસરતો જા;
સુજ્ઞાની સદ્ ગુરુ કેરા, ચરણમાં નિત્ય ફરતો જા. ૬
પ્રભુના તું ગુન્હાઓથી, હમેશાં તો ઉગરતો જા;
બનીને નિત્ય સત્સંગી, કુસંગોથી ઊતરતો જા. ૭
વિશ્વનું શ્રેય કરવાને, ખુશી થઇને તું મરતો જા;
ન ગમતી હોય જો પીડા, પરાઇ પીડ હરતો જા. ૮
વિશ્વવાસીતણી ખોટી, સગાઇ ચોથી વિખરતો જા;
તત્ત્વવેત્તા મહાજ્ઞાની— તણી ટોળીમાં ગરતો જા. ૯
પરાયાં ઘર ઘણું ભટકયો, હવે તું આત્મઘર તો જા;
પરાયા રૂપને છોડી, સ્વરૂપે તું ઉછરતો જા. ૧૦
વિકાસી વીરની ચર્યા, વિચારી શ્રેય ચરતો જા;
વિલાસી વિશ્વવાસીના, વિલાસોથી વિછરતો જા. ૧૧
ક્ષમાની તું કરી સેવા, કર્મ કાઠાં નિર્જરતો જા;
દુ:ખી દેખીને આ દુનિયા, દયાશ્રોતે તું ઝરતો જા. ૧૨
પરાઇ પ્રીત છોડીને, નિજાતમમાં તું ઠરતો જા;
શાશ્વતું સુખ જોઇયે તો, મુક્તિ રામા તું વરતો જા. ૧૩

—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# साची कमाणी शुं करी?

દોહરો

અહો! મુસાફર માનવી, પાછું વાળી જોય;
આત્માના ઉદ્ધારની, કરી કમાણી કોય? ૧

હરિગીત છંદ

ભવસાગરે તેં વ્હાણુ ખેડયું, ઠેઠ છેલ્લા બંદરે,
મુલ્કે મુલકમાં મ્હાલતાં, ધન મેળવ્યું એકંદરે;
થા શાન્ત! ઘડી વિશ્રામ લે!! ચાંચલ્ય મનનું પરહરી,
ઝીણી નજરથી ન્યાળી લે, "સાચી કમાણી" શું કરી? ૧

પદ્વી મળી, પૈસો મળ્યો, અધિકાર પણ ઊંચો મળ્યો,
સંસારકેરી સંપત્તિઓ, રંગભર તું તો રળ્યો;
એ પ્રાપ્ત વસ્તુ સ્થિર કે અસ્થિર, તે ચિન્તવન કરી,
તો સ્પષ્ટ સમજાઇ જશે, "સાચી કમાણી" શું કરી? ૨

એ મોહરૂપી વાયુના, વીંટી વળ્યા વંટોળીયા,
ભૂલીશ મા ભ્રમમાં પડી, ઓ નરભ્રમર! તું ભોળીયા;
અવલોકય ઊંડો ઉતરી, તો આવશે સાચું તરી,
સમજીશ આપોઆપ કે, "સાચી કમાણી" શું કરી? ૩

તક જાય છે, ક્ષય થાય છે, આયુષ્યકેરો પળ પળે,
**નશ્વર** તજી, **શાશ્વત** ગ્રહો, એ તત્ત્વમાં સૌએ મળે;
અંતઃકરણની આરસી, પોતાતણી સામે ધરી,
દૃષ્ટિ કરીને દેખશો, "સાચી કમાણી" શું કરી? ૪

દોહરા

જળમાં પ્રગટે બુદ્‌બુદો, વિદ્યુતનો ચમત્કાર;
ક્ષણુભંગુર આ દેહનો, એમ જ નાશ થનાર. ૧
સદ્‌ગુરુ ને સત્શાસ્ત્રની, સેવા સજો સદાય;
ઓળખાવે નિજ આત્મને, સફળ જિંદગી થાય. ૨

લેખકઃ ધર્મોપદેશક
રેવાશંકર વાલજી બધેકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સૃષ્ટિનું તંત્ર કેવી રીતે ચાલે છે?

—: લે૦ ચોકસી :—

કોઇ વિશ્વની ગતિમાં ઇશ્વરનો હાથ માને છે તો બીજા વળી વિધાતાના શિરે એનો ટોપલો ઢાલવે છે; તેથી જ ईश्वरेच्छा बलीयसी અને अघटितघटितानि જેવા સૂત્રો અસ્તિત્વમાં આવ્યા છે. એવી રીતે લલાટના લેખ પર કે કર્મની વિચિત્ર લીલા પર પણ વિશ્વાસ મૂકનારા ઓછા નથી. એ માટે कर्मणो हि प्रधानत्वम् અને लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः? જેવા શ્લોકો દૃષ્ટિગોચર થાય છે. માનવગણની આવી ધારણા માત્ર ભારતવર્ષ પૂરતી જ નથી રહી. Nature અને Providence ના નામે પાશ્ચિમાત્યો પણ એનો સ્વીકાર કરી ચૂકયા છે અર્થાત્ વિશ્વના દરેક ભાગોમાં કાર્યનિષ્પત્તિમાં-ક્રિયાફળપ્રાપ્તિમાં પુરુષાર્થ કે ઉદ્યોગ ઉપરાંત કોઇ ને કોઇ બીજી અગમ્ય શક્તિનો હાથ સીધી યા આડકતરી રીતે સ્વીકાર કરાયો છે. અલબત્ત उद्यमेन हि सिध्यन्ति कार्याणि અથવા તો Try Try again કે God helps them who help themselves જેવા પ્રેરણાદાયી ઉદ્બોધનો પણ નજરે પડે છે. એમ કરવા છતાં જ્યારે વિજયશ્રી નથી વરતી ત્યારે મન મનાવવાને સારુ કોઇ ને કોઇ છુપી શક્તિની સત્તા સ્વીકારવી તો પડે છેજ. ભલે એને કોઇ કુદરત માને ને કોઇ કિસ્મત તરિકે ઓળખે. આખરી પરિણામ-પુષ્કળ પ્રયત્ન કે જબરી મહેનત કરવા છતાં-દૈવના હાથમાં છે. આ મંતવ્ય જનતાના મોટા ભાગનું છે. એમાં જરૂર સત્યાંશ રહેલ છે. કર્મની સત્તા સ્વીકારનાર જૈન સમાજ માટે એ વાત નવી પણ નથી જ. આમ છતાં દીર્ઘદર્શી તીર્થંકર પરમાત્માએ, વિદ્વાન્ પૂર્વાચાર્યોએ પ્રત્યેક કાર્યની નિષ્પત્તિ પાછળ એક-બે નહિં પણ પાંચ કારણના મેળની આવશ્યકતા દર્શાવી છે. એ પાંચેના સહયોગ સિવાય કાર્યસિદ્ધિ થતી જ નથી. એને સમવાય તરિકે ઓળખવામાં આવે છે. એ સરળતાથી સમજાય તે અર્થે એક પ્રસિદ્ધ સ્તવનમાંના નિમ્ન ટાંચણો ઠીકઠીક વિચારવા જેવા છે. એ પરથી પાંચ કારણની સત્તા પર પૂર્ણ અજવાળું પડે છે. સ્તવનકાર દરેકને એકેક વાદી તરિકે કલ્પે છે અને શરૂઆતમાં તેના મુખદ્વારા સ્વપરાક્રમની યા શક્તિની પ્રશસ્તિ ઉચ્ચરાવે છે. એની પુષ્ટિમાં ઉદાહરણ પણ રજૂ કરે છે. ઘડીભર એમ થાય કે જરૂર એ સાચું જ છે પણ જ્યાં બીજા વાદીનો હુંકાર થાય છે ત્યાં પહેલાની દલીલ ગૌણ બની જાય છે. આખરે એ પાંચે વાદીઓને પ્રભુશ્રી મહાવીર દેવની સમીપ એકઠા કરી પોતપોતાના બળમાં કેવી કેવી ન્યૂનતાઓ હતી તેનું દિગ્દર્શન કરાવી, અરસપરસની સ્હાય કેવી જરૂરી છે તેનું ભાન કરાવે છે. એ રીતે સુંદર સમન્વય સાધે છે. વિષય રસમય છે. ચાલુ સમયમાં ખાસ ઉપયોગી છે એટલે કર્ત્તાના શબ્દોમાં સંક્ષિપ્ત કરી મૂકવામાં આવે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(૧) કાળવાદી**–સર્વ કંઇ કાળને જ વશ છે–વિચારોને.

કાળે ઉપજે, કાળે વિણસે, અવર ન કારણ કોય રે.
કાળે ગર્ભ ધરે જગ વનિતા, કાળે જન્મે [1]પુત્ત રે;
કાળે બોલે, કાળે ચાલે, કાળે ઝાલે [2]ઘરસુત્ત રે.
કાળે દૂધથકી દહીં થાયે, કાળે ફળ પરિપાક રે;
વિવિધ પદારથ કાળ ઉપાયે, કાળે સહુ થાય ખાખ રે.
કાળે બાળ વિલાસ મનોહર, યૌવને કાળા કેશ રે;
વૃદ્ધપણ(વળી)પળી વપુ અતિદુર્બળ, શક્તિનહિ લવલેશ રે.

**(૨) સ્વભાવવાદી**–કાળને રંક કહી પોતીકી મહત્તા સ્થાપે છે—

છતે યોગ જોબનવતીજી, વાંઝણી ન જણે બાળ;
મુછ નહિં મહિલા મુખેજી, કરતલ[3] ઊગે ન વાળ.
વિણ સ્વભાવ નવિ નિપજેજી, કેમ પદારથ કોઇ;
આંબ ન લાગે લીંબડેજી, બાગ વસંતે જોય.
કાંટા બોર બબુલનાજી, કોણે અણીયાલાં કીધ?
વાયુ સુંઠથી ઉપશમેજી, હરડે કરે વિરેચ;
સીઝે નહિં કણ કાંગડુંજી, શક્તિ સ્વભાવ અનેક.
રવિ [4]તાતો, શશિ શીતલોજી, ભવ્યાદિક બહુભાવ;
છયે દ્રવ્ય આપ આપણાજી, ન તજે કોઇ સ્વભાવ.

**(૩) નિયતિવાદી**–સરસાઇ કરતાં સર્વમાં પોતે જ કર્ત્તા–હર્તા છે એમ જણાવે છે–

જળનિધિ તરે, જંગલ ફરેજી, કોડી જતન કરે કોય;
અણભાવી હોવે નહીંજી, ભાવિ હોય તે હોય રે.
આંબે મોર વસંતમાંજી, ડાલે ડાલે કોઇ લાખ;
કેઇ ખર્યા કેઇ ખાખટીજી, કેઇ આંબાં કેઇ સાખ રે.
બ્રહ્મદત્ત ચક્રીતણાંજી, નયણ હણે ગોવાળ;
દોય સહસ્સ જસ દેવતાજી, દેહતણા રખવાળ રે.
[5]કાકુહો કોયલ કરેજી, કેમ રાખી શકે પ્રાણ?
આહેડી[6] શર તાકીયોજી, ઉપર ભમે [7]સિયાણ.
આહેડી નાગે ડસ્યોજી, બાણ લાગ્યો સિંચાણ;
કોકુહો ઊડી ગયોજી, જુઓ જુઓ નિયતિ પ્રમાણ રે.

૧. પુત્ર. ૨. ગૃહવ્યવહાર. ૩. હથેલી ૪. ઉષ્ણ ૫. તિતર. ૬ શિકારી. ૭. સિંચાણો.

**(૪) કર્મવાદી**-આ દલીલોના રદીયા ધરવા તૈયાર જ છે.

કર્મે રામ વસ્યા વનવાસે, સીતા પામે આળ;
કર્મે લંકાપતિ રાવણનું, રાજ્ય થયું વિસરાલ.
કર્મે વરસ લગ [8]રિસહેસર, [9]ઉદક ન પામે અન્ન;
કર્મે વીરલે જુઓ યોગમાં રે, ખીલા રોપ્યા [10]કન્ન.
કર્મે એક સુખપાળે બેસે, સેવક સેવે પાય;
એક હય ગય રથ ચઢ્યા ચતુર નર, એક આગળ પૂળાય.
ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કરકોલે;
માંહે ઘણા દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ ડોલે.
[11]વિવર કરી [12]મૂષક તસ મુખમાં, દીયે આપણો દેહ;
માર્ગ લઇ વન નાગ પધાર્યા, કર્મ [13]મર્મ જુઓ એહ.

**(૫) ઉદ્યમવાદી**—

उद्यमेन हि सिध्यन्ति कार्याणि–

ઉદ્યમ કરતાં માનવીએ, શું નવિ સીઝે કાજ તો?
રામે રયણાયર તરીએ, લીધું લંકા રાજ્ય તો.
વિણ ઉદ્યમ કેમ નીકળે એ, તીલમાંહેથી તેલ તો?
ઉદ્યમથી ઊંચી ચઢે એ, જુઓ એકેંદ્રિય વેલ તો
કર્મ યુત ઉદ્યમ પિતા એ, ઉદ્યમેં કીધા કર્મ તો;
ઉદ્યમથી દૂરે ટળે એ, જુઓ કર્મના મર્મ તો.
દ્રઢપ્રહારી હત્યા કરીએ, કીધાં પાપ અનંત તો;
ઉદ્યમથી ખટ માસમાં એ, આપ થયા અરિહંત તો.
ટીપે ટીપે સર ભરે એ, કાંકરે કાંકરે પાળ તો;
ગિરિ જેવા ગઢ નિપજે એ, ઉદ્યમ શક્તિ નીહાળ તો.

## સમન્વય.

એ પાંચે સમુદાય મિલ્યા વિણ, કોઇ કાજ ન સીઝે;
અંગુલીયોગે કરતણી પરે, જે બુઝે તે રીઝે.

જેમકે–

તંતુ સ્વભાવે[1] પટ ઉપજાવે, કાળ[2]ક્રમે રે વણાય;
ભવિતવ્યતા[3] હોયે તો નીપજે, નહીં તો વિઘ્ન ઘણાય.
તંતુવાય ઉદ્યમ[4] ભોક્તાદિક, ભાગ્ય[5] સકલ સહકારી;

૮. રિષભદેવ. ૯ પાણી. ૧૦ કાનમાં. ૧૧. બાકું. ૧૨ ઉંદર. ૧૩. શક્તિ.

૧–૫. વસ્ત્ર ઉત્પત્તિનું દ્રષ્ટાન્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ પાંચે મળી સકલ પદારથ, ઉત્પત્તિ જુઓ વિચારી.
નિયતિ[1] વશે હળુકરમો થઇને, નિગોદથકી નીકલિયો:
પુણ્યે[2] મનુજ ભવાદિક પામી, સદ્‌ગુરુને જઇ મલિયો.
ભવ[3]સ્થિતિનો પરિપાક થયો તવ, પંડિત વીર્ય[4] ઉલ્લસીયો.
ભવ્ય સ્વભાવે[5] શિવગતિ પામી, શિવપુર જઇને વસીયો.

આ રીતે સૃષ્ટિક્રમમાં મહત્ત્વનો ભાગ ભજવનાર પાંચ સમવાય અને કારણ વિષે આપણે વિચાર્યું. જુદા જુદા દર્શનકારોએ ઉક્ત પાંચને જુદી જુદી દૃષ્ટિએ વર્ણવ્યા છે. કેટલાકે એમાંના એકને મહત્ત્વ આપી બીજાને ગૌણપણે સાથમાં લીધા છે. કેટલીક વાર વ્યવહારમાં મુખ્યપણે કર્મ અને પુરુષાર્થ પર જ વધુ વજન અપાયેલું દૃષ્ટિપથમાં આવે છે. આમ છતાં કાર્યસિદ્ધિમાં પાંચેનો સહકાર રહેલો છે એ ઉપરના વિવેચનથી સહજ સમજાય તેમ છે. વળી ઝીણવટથી નિરીક્ષણ કરતાં ઇશ્વર, વિધાતા, યમરાજ, મહાશક્તિ, કુદરત, મહામાયા, પ્રકૃતિ nature, Providence (પ્રોવીડન્સ) હોણહાર આદિ નામો પણ ઉપરોક્ત પંચ કારણના પર્યાયવાચી જ છે.

૧-૫. ભવ્યાત્માનું મુક્તિગમન સંબંધી દૃષ્ટાન્ત.

## એવી કઇ ગાંઠ છે કે આત્મબળથી છૂટી ન શકે?

મનુષ્ય હિંમતથી ઉદ્યોગ કરે તો શું નથી થઇ શકતું? નાનો સરખો કીડો પણ પત્થરમાં ઘર કરે છે તો પ્રેમસ્વરૂપ ઇશ્વરના મનમાં મનુષ્ય કેમ વાસ ન કરી શકે? આત્મશ્રદ્ધા, આત્મકૃપા અને પૂર્ણ ભાવના એવી વસ્તુ છે કે તેના બળથી ઇશ્વરપણું પ્રાપ્ત થાય છે. હે મનુષ્ય! એવી કઇ ગાંઠ છે કે આત્મબળથી છૂટી ન શકે? તારામાં કંઇક એવું ઐશ્વર્ય અને અપરંપાર સામર્થ્ય છુપાયેલું છે, કે તે યોગ્ય રીતે પ્રગટ કરવાથી દેશ, વિશ્વ અને વિશ્વનાથને પણ પ્રસન્ન કરી શકાય છે. તું પ્રથમ વિકાસને તો પામ. તારી તારા પ્રત્યેની આ ફરજ અદા કરવાથી બીજી સર્વ ફરજ એની મેળે જ અદા થઇ જશે. અને ક્ષુદ્ર જંતુથી લઇને આકાશમાં ઊડતાં પ્રાણીઓ સુધી સર્વ ખુશી થઇ જશે. તું આનંદ છે, તું પૂર્ણ છે, તું સુખની ખાણ છે, તો પછી સુખી થવાને માટે તું વિષયોનો બોજો ફોગટ શા માટે તારી જાત ઉપર લાદે છે?

—સ્વામી રામતીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજીને

"विद्यावतां सकलमेव चरित्रमन्यत्"

ગગનમાં વાદળની ઘોર છટા
તાંડવનું તાદૃશ્ય ચિત્ર દર્શાવી
ભયંકરતાની પરાકાષ્ઠા બતાવે,
ગંગાનિલના પુંફાડા હચમચાવે,
પ્રબળ હૃદયોને પણ
વર્ષાની ધારા અવની પર
દોડાવે સરિતા ને મહાન છે,
એવાં ગાજે ભલેને ગગનમાં વારિધિ.
છતાં સર્વ તુચ્છ ગરજતાં,
સકલ અભ્રોને ચીરી નાખે છે
પ્રબળતા ધરતો સહસ્રરશ્મિ.
તથા જ જગમાં અંધકાર ફેલતાં
છવાઇ જાય છે પાપના પુંજો,
સંસ્કાર સ્થળે આવે અસંસ્કાર,
ધર્મસ્થાને આવે અધર્મ,
પુણ્યની જગા પાખંડ પડાવે,
ત્યારે પ્રગટે છે મહાપુરુષો,
ધર્મના ઉદ્ધાર અર્થે,
માર્ગહીનને માર્ગદર્શક થવા,
ધર્મના સરળ માર્ગની યોજના માટે.
છવાયાં છે અનેક વાર અધર્મરૂપ અભ્રો
વિવિધ સમયે આર્ય સંસ્કૃતિરૂપ
પવિત્ર ને વિશદ ગગનમંડળે.
અને અવતર્યા છે ભાસ્કરસમ તેજસ્વી
નરવીર ધર્મધુરંધરો,
ને ઉજ્જવળ રાખી છે આર્ય સંસ્કૃતિને,
ભરતભૂમિ રહી છે યશસ્વી
વિદ્વત્તા, શૌર્ય, દાન આદિ ગુણબળે.

લેખક

ભારતના પૂજનીય નરોમાં
શોભાવે નિજ સ્થાન;
એવા હતા શ્રીમદ્ મહોપાધ્યાય **યશોવિજયજી.**
"ધર્મે જ્ઞાને નિજ રચનની રેલાવી તત્ત્વશ્રોતો,
સર્વે રીતે જનગણ વિષે શ્રેષ્ઠતાથી પ્રકાશ્યા.
અધ્યાત્મી ને ઉપનિષદ્‌ના ન્યાયના ગ્રંથ યોજ્યા,
એવા જ્ઞાની 'યશવિજયજી' વિશ્વ તે સર્વ જાણે.
જેમણે ગ્રહી પુણ્યવંતી દીક્ષા,
પ્રાપ્ત કીધું શ્રદ્ધાપૂર્વક ચારિત્ર ને જ્ઞાન,
ભેટ અર્પી વિવિધ ભાષાના ગ્રંથોની,
સંસ્કાર પામ્યા ગુર્જરી ભૂમિના,
એ સંસ્કાર–સૌરભ પ્રસરી
ઔરંગઝેબ સમ સત્તાધારી સુધી,
ગૌરવ ધારી શકે છે ગુર્જરી
યશોવિજય સમ રત્ન પ્રાપ્ત કરી,
પિતા હતા તેમના નારાયણ,
માતા સૌભાગ્યદેવી ને બંધુ પદ્મસિંહ,
છતાં અણુજાણી રહી છે
યશોવિજય સમ મહાપુરુષની
જન્મ ને મૃત્યુ તિથિઓ.
સ્વીકાર કર્યો છે સહર્ષે,
તેમનાં ભવ્ય ને પ્રતિભાશાળી
કાવ્ય ગ્રંથોનો વિદ્વદ્‌મંડલે;
અને વધાવ્યાં છે કાર્યોને
ઉજ્જવળ અને પૂજ્ય ગણીને;
સંસ્કાર અર્પે છે મહાપુરુષોનાં
પવિત્રતાભર્યાં જીવનો;

—મુનિશ્રી હેમેન્દ્રસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમાં હોય છે અનેક રંગો,
યોજાય છે તેનાં ગાનો,
ઘડાય છે તેનાં સ્મરણો ને સ્મારકો;
મહાપુરુષોના આદર્શ રચાય છે,
કાવ્યમાં અને સ્મારકોમાં;
એ જ છે રમણીયતા મહાજનોની;
"विद्यावतां सकलमेव चरित्रमन्यत्"
મહાજનો તો સદા અમર જ છે
જગતના રચાતા ઇતિહાસમાં;
અમર રહ્યા છે તેમ યશોવિજયજી,
નિજ પવિત્ર ને અમર કાર્યોથી;
આજે જગ તેને ગાય છે,
પ્રેમથી સ્તવે છે ભજે છે;
પુણ્ય ઉદયે પ્રગટે ધર્મ ભાવના,
એ જ પ્રબળ પુણ્ય પ્રતાપે
ધર્મ ભાવના પ્રગટી ઊઠી
બાલક યશના ઉત્તમ હૃદયમાં,
પઠન કીધું ધર્મશાસ્ત્રોનું
સંસ્કૃત ને પ્રાકૃત ગિરામાં
પ્રાપ્ત કીધી નિપુણતા
છતાં ભાસી ઊણપ તે અધ્યયનમાં
ને ઉત્કંઠા જાગી હૃદયમાં
કાશી નગરે પ્રયાણ કરવાની,
યૌવનના ગહન ને વિચિત્ર સમયે
સંયમ ધાર્યો મન પર
સદાનો સાથી હતો સંયમ.
ને વાંછના કીધી ઉત્તમ જ્ઞાન મેળવવાની;
વિનય પ્રાપ્ત કરે જીતેન્દ્રિય,
**जितेन्द्रियत्वं विनयस्य कारणं,**
**गुणप्रकर्षो विनयादवाप्यते ।**
અને વિનયમાં વસી વિદ્યા.

ગુણના ભંડાર યશે પ્રાપ્ત કીધી,
સદ્વિદ્યા વિનય ગુણ બળે.
પ્રખર પાંડિત્ય છતાં નિરભિમાની
પ્રિય થઇ પડ્યા **યશ** સર્વને.
વાર્તાલાપ થતાં પણ વિવેકથી,
ચર્ચા થતી પણ ધૈર્યથી,
વિજય મળતો છતાં શાંત મુખમુદ્રા,
એવો યશસ્વી 'યશ'
પ્રિય પાત્ર બન્યો વિદ્વજ્જનનું;
વિદ્યાનું કેન્દ્ર, પ્રસિદ્ધ જે સદા ઇતિહાસે,
કવિજન મનરંજની ગંગા તટે શોભતું
આજ સુધી પણ એ કાશીનગર;
આરાધ્યા શાસ્ત્ર મંત્રો જેણે
પ્રાપ્ત કીધી પ્રબળ વિદ્વત્તા,
પ્રાપ્ત કીધું ન્યાયવિશારદપદ,
ને પધાર્યા રાજનગરે શ્રીયશોવિજયજી.
ગવાતા હતા જેમના યશ ગાન,
ભાટ ચારણો ને ભોજકોથી.
સન્માનતા રહ્યા છે જેમને
વિદ્વાનો ને શ્રીમંતો;
આકર્ષાયો કીર્તિ સાંભળી
રાજનગરનો સત્તાધારી સૂબો,
પ્રચંડ કાય મહોબતખાન.
રચાવી સભા. વિદ્વત્તા જાણવા,
પણ આફરીન થયો સૂબો;
અઢાર અવધાન સાંભળી ને નિહાળીને.
વાચકપદ આપ્યું ગચ્છાધીશ
શ્રીમદ્ વિજયપ્રભસૂરીશ્વરે;
પછી તો આદર્યું પરિભ્રમણ,
ગુજરાત મારવાડ ને માળવાની ભૂમિ પર.
આરંભી દીધા ઉપદેશો, શાસ્ત્રાર્થ,
વાંચન મનન, ને લેખન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય વીતાવ્યો નવિન ન્યાયગ્રંથલેખનમાં,
ઉઠાવી પ્રબળ ઝુંબેશ,
અટકાવવા શિથિલાચાર
અને આદર્યો પ્રચાર સદ્ચરિત્રનો.
ઉત્તર જીવન વીત્યું એ વાચકવર્યનું,
સવિશેષ અધ્યાત્મ જ્ઞાનના પરિશીલનમાં.
રચ્યા આધ્યાત્મિક ગ્રંથો,
આત્માને સંબોધ્યો આનંદઘન રૂપે,
સ્તુતિ કરી આત્મદેવની અષ્ટપદી રચીને
आनंदघनको आनंदसु जश ही गावत ॥
વદે છે બહુમતિ જનતા નીકે,
મધુર વાણી શ્રીમદ્ યશોવિજયજીની;
કર્યા છે અનુવાદ કોઈ કોઇ સ્થળે
એ લઘુ હરિભદ્રે
શ્રી હરિભદ્રસૂરિજીના ગ્રંથોના.
પદે પદે સુગમતા ને નવીનતાનાં
દર્શન કરાવ્યાં છે એ કૃતિઓમાં
વ્યવહાર ને નિશ્ચય દૃષ્ટિ સાચવીને.
એ હતા સંસ્કૃત પ્રાકૃત ને હિન્દીના
અને ગુર્જરી ભાષાના કવિવર;
દૃષ્ટિએ પડે છે મધુરતા ને શ્રેષ્ઠતા
એ ગુર્જર કવિના કાવ્યોમાં.
જૈન શાસનની ઉન્નતિ માટે
તત્પર હતા આત્મભોગ દેવાને;
હતા જૈનશાસનના રક્ષક ને પ્રવર્તક
હૃદય જેનું સદ્ગુણ રંગે રંગાયેલું;
અંતરમાં ધર્મ અર્થે ઊંડી દાઝ,
જૈન ધર્મનો પ્રચાર કરતા પણ
સ્યાદ્વાદ દૃષ્ટિબળે,
વિશાળ જેની દૃષ્ટિ અને ભાવના,
વૈરાગ્યપંથે વિહરતા નિશદિન;
મહાપુરુષોને અનુસરી જીવતા જીવન
"शब्दार्थशासनविदः कति नो कवन्ते,
यद्वाङ्मयं श्रुतिधनस्य चकास्ति चक्षुः।
किन्त्वस्ति यद्वचसि वस्तु नवं सदुक्ति-
सन्दर्भिणां धुरि तस्य गिरः पवित्राः ॥ १ ॥"
પ્રત્યેક કવનમાં છે ગહનતા ને નવીનતા,
એવા એ ગીતાર્થ શ્રીમદ્ યશોવિજયજી.
પ્રાકૃત ગુર્જર ને સંસ્કૃત ભાષામાં
રચી છે જેણે કૃતિઓ
કુદરતમાં લીન એ સાધુવરે
ગાયાં છે સ્થળે સ્થળે
કુદરતનાં ચેતનવંતાં કવનો
રચ્યા છે જેણે વિવિધ રાસો;
યુદ્ધ, ગિરિ, નદી પર્વતનાં,
રચ્યા છે વિવિધ કાવ્યો.
ગાયાં છે જેના પ્રેમ ગીતો
યોગીવર શ્રી આનંદઘનજીએ પણ
आनंदघन कहे जस सुनों बातां
येही मिले तो मेरो फेरो टले
निरंजन यार मोपे कैसे मिलेंगे ॥ निरं०
અષ્ટોત્તર શત ગ્રંથ રચ્યા
ને ધર્યા ભારતભૂમિ ચરણે,
સ્વર્ગવાસ પામ્યા ડભોઇમાં
સંવત ૧૭૪૩ની સાલમાં;
સ્વર્ગવાસ દિને ઉદ્ભવે છે જાણે
ન્યાયની ચર્ચા સમાધિસ્થળથી.
એમ લાગતું જનતાને. (સુજસવેલીભાસ)
નમન હો કોટિશઃ
ન્યાયવિશારદ ન્યાયાચાર્ય
મહોપાધ્યાય શ્રી યશોવિજયજીના પુનીત ચરણે.
विद्वानार्हतदर्शने सुचरितामग्रेसरो धार्मिकः,
सद्विद्यागमधर्मशास्त्रनिपुणस्तत्त्वार्थवेत्ता स्वयम् ।
प्राच्यन्यायविशारदः सरसतासाहित्यसम्पादकः,
स श्रीमान् सुखदो यशोविजय इत्यस्ति
प्रसिद्धसत्ताम् ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત ૧૭૪૬માં જૈન મંદિરવાળાં કેટલાંક ગામો

## પં. શીલવિજયજીવિરચિત 'તીર્થમાલા'નો સંક્ષિપ્ત સાર

( સંગ્રાહક: મુનિશ્રી જયંતવિજયજી-કરાંચી )

( ગતાંક પૃષ્ઠ ૧૨૭ થી શરૂ )

### દક્ષિણદિશાની તીર્થમાલા

**નર્મદા** નદીને પેલે પાર **દક્ષિણ** દેશમાં **માનધાતા** તીર્થ છે. **ખાનદેશમાં ખંડવામાં** પાર્શ્વનાથ, **બુરાનપુર**માં મનમોહન પાર્શ્વનાથ, શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્રી મહાવીર, શ્રી શાંતિનાથ, શ્રી નેમિનાથ, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી ગોડી પાર્શ્વનાથ વિગેરે મંદિરો છે. અહિં **ઓસવાલ** સંઘવી **છીતૂ જગજીવન** અને તેની સ્ત્રી **જીવાદે** રહે છે. તેઓ બહુ ધર્માત્મા છે. તેમણે **કુલપાક, અંતરિક્ષ, આબૂ, ગોડીજી, શત્રુંજય**ની યાત્રાઓ તથા પ્રતિષ્ઠા, દાન, સંઘભક્તિ વગેરે કર્યું, અને **સારંગધર** સંઘવી **પોરવાડે** સંવત્ **૧૭૩૨** માં **માલવા, મેવાડ, આબૂ, ગોડી, ગુજરાત, શત્રુંજય**ની સંઘ સાથે યાત્રા કરી સંઘવીનું તિલક લીધું. **બુરાનપુર**માં આવા આવા ધર્માત્માઓ વસે છે. ત્યાંથી આગળ **મલકાપુર**માં શાંતિનાથ છે. ત્યાંથી આગળ **દેવલઘાટ** ચડવાથી **વરાડ** દેશ આવે છે. **દેવલ** ગામમાં નેમિનાથ છે. ત્યાંથી ઠેઠ સમુદ્ર સુધી દિગંબર જૈનોની વસ્તી અને મંદિરો છે. કડી ૩-૧૩.

**શિરપુર**માં અંતરિક્ષ પાર્શ્વનાથ છે, તેમની ઉત્પત્તિ-**રાવણ**ના બનેવી **ખરદૂષણે** જંગલમાં રેતી અને છાણની જિનપ્રતિમા બનાવીને નવકાર મંત્રથી પ્રતિષ્ઠિત કરી, ભક્તિથી પૂજી, તેથી તે પ્રતિમા વજ્ર જેવી બની ગઇ. તેને કૂવામાં નાંખીને તે શહેરમાં ગયો. તે જલના સંયોગથી **એલગ** રાજાનો રોગ દૂર થયો. આ મૂર્તિ પ્રગટ થયા પછી પહેલાં તો તેની નીચેથી ઘોડેસ્વાર નીકળી જતો. હાલમાં એક દોરો નીકળી જાય તેટલું અંતર છે. **વાસીમ**માં અમીઝરા પાર્શ્વનાથ છે. કડી ૧૪-૧૯

**લુણાર**માં ગૌમુખીગંગા, **એલિજપુર-કારંજા**માં જિનમંદિરો છે. ત્યાંના લોકો ધનાઢ્ય અને ધર્મિષ્ઠ છે. ત્યાં **વઘેરવંશ**ના સંઘવી **ભોજ** શુદ્ધ સમકિતી, ધનાઢ્ય અને સદાચારી છે. તેના કુલમાં હમેશાં રાત્રિ-ભોજનનો ત્યાગ છે, બધા જિનપૂજા કરે છે. તેમણે મંદિરો, પ્રતિષ્ઠાઓ, દાનશાલાઓ, જ્ઞાન-ભંડારો, ગુરુ અને સંઘની પૂજા-ભક્તિ તથા તીર્થયાત્રાઓ વગેરે કરેલ છે. તપ, જાપ, ક્રિયા, મહોત્સવ કરે છે અને સદાવ્રત હંમેશા ચાલુ છે. તેણે સં. **૧૭૦૭**માં **ગિરનાર**ની યાત્રા કરી ત્યાં એક લાખ દ્રવ્ય ખર્ચીને શ્રી નેમિનાથની પૂજા કરી અને સાધર્મી-વાત્સલ્ય કરીને એક એક સોનામહોરની પહેરામણી કરી. તેણે બેસાડેલી પરબોમાં મુસાફરોને શીયાળામાં ઉનાં દૂધ, ઉનાળામાં શેરડીનો રસ તથા એલાયચીના ફૂલથી સુગંધિત કરેલાં પાણી પાવામાં આવે છે. તેમના પુત્રો પણ એવાં જ શુભ કાર્યો કરે છે. કડી ૨૦-૩૧.

**મુક્તાગિરિ** ઉપર ચોવીશે જિનનાં મંદિરો છે. **સિંધખેડા, આંબા, પાતૂર**માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રપ્રભ અને શાંતિનાથ, **ઓસાવદગિરિ, કલ્યાણગઢ** અને **બિધર** શહેરમાં દિગંબર જૈન મંદિરો છે. કડી ૩૨-૩૩.

ત્યાંથી **તિલંગ** દેશ શરૂ થાય છે. તેમાં **ભાગનગર-ગલકુંડું** ચાર યોજનનું શહેર છે. ત્યાં **કુતુબશાહ** રાજ્ય કરે છે. ત્યાં ચિંતામણિ પાર્શ્વનાથ અને આદિનાથનાં મંદિરો છે. ત્યાં **અંચલગચ્છીય ઓસવાલ શાહ દેવકરણ** વસે છે. તે મહાધનાઢય, સદાચારી અને ધર્માત્મા છે. મંદિરો, પ્રતિષ્ઠા, સંઘભકિત આદિ ધર્મકાર્યો કરે છે. તેના તરફથી સદાવ્રત હમેશાં ચાલુ છે. દીન-દુઃખીનો આધાર છે. ત્યાં દિગંબર મંદિર ૧ છે. કડી ૩૪-૪૫

**કુલ્લપાકપુર**માં[૩૯] માણિકયસ્વામી છે, તે **ભરત** રાજાની પૂજામુદ્રાનું બિંબ છે. આ તીર્થનો ઉદ્ધાર ત્યાંના **શંકર** રાજાની રાણીએ કરાવ્યો હતો. રાજા મિથ્યાત્વી હતો. તેણે મહાદેવનાં ૩૬૦ મંદિરો કરાવ્યાં અને તેની રાણીએ ૩૬૦ જિનમંદિરો કરાવ્યાં. એક ગાઉમાં મંદિરનો વિસ્તાર છે. કડી ૪૬-૪૮

હવે **દ્રાવિડ** દેશ આવે છે. **ગંજીકોટ, સિકાકોલ, ચંજ, ચંજાઉર, બાલ, જૈન કાંચી**માં દિગંબર જિનમંદિરો મોટાં અને ઘણાં છે. ત્યાં સોના, રૂપા અને રત્નની મૂર્તિઓ છે. શિવકાંચીમાં શિવાલયો અને વિષ્ણુકાંચીમાં ઘણાં વિષ્ણુમંદિરો છે. કડી ૪૯-૫૧

હવે **કર્ણાટક** દેશની વાત કહેવાય છે. **કાબેરી** નદી પાસે શ્રી **રંગપટ્ટણ** શહેરમાં **શ્રી** આદિનાથ, ચિંતામણિ પાર્શ્વ અને વીર પ્રભુનાં મંદિરો છે. ત્યાં **દેવરાય** નામનો રાજા અન્યધર્મી પણ દયાળુ છે. તે તેના રાજ્યની ૬૫ લાખની ઉપજમાંથી ૧૮ લાખ ધર્માદામાં ખર્ચે છે. તેમાંથી આઠ લાખ ઠાકર-મંદિરોમાં, છ લાખ શિવાલયોમાં અને ચાર લાખ જૈન મંદિરોમાં ખર્ચે છે. આદિનાથ અને સિદ્ધચક્રની રાજા સેવા કરે છે. ચાર ગામ દેવને અર્પણ કરેલાં છે. ત્યાંના શ્રાવકો ધનવંત અને ભક્તિવાળા છે. ત્યાં **બ્રાહ્મણ જાતિ વિશાલ** નામનો મંત્રી છે. તેનું બીજું નામ **વેલાંદુર** પંડિત છે. તે જૈનધર્મી છે, વિદ્વાન્, વિનયી અને ધર્મિષ્ઠ છે. જિન અને આગમની પૂજા કરીને હમેશાં એકાસણું કરે છે. તેમાં બાર જ દ્રવ્ય (ચીજો) ખાય છે. તેણે વીશ હજાર દ્રવ્ય ખર્ચીને શ્રી વીર પ્રભુનું મંદિર બંધાવવું વગેરે ઘણા ધર્મકાર્યો કર્યાં છે. કડી ૫૨-૬૬

**શ્રીરંગપટ્ટણ**થી ૧૨ ગાઉ દૂર **ચામુંડરાય** નામના જૈની રાજાએ સ્થાપેલું **ગોમટસામી** નામનું તીર્થ છે. બાહુબલિનું બીજું નામ ગોમટસામી છે. માહ શુદિ ૧૫ ને દિવસે બહુ આડંબરથી મહાઅભિષેક અને રથયાત્રા થાય છે. ગોમટસ્વામીની લગભગ ૬૦ હાથની કાઉસગ્ગધ્યાનમાં ઊભેલી મૂર્તિ પર્વતમાં કોતરેલી છે. તે મંદિરને સાત ગામ ચડેલાં છે. તેની વાર્ષિક આવક સાત હજારની છે. તેની પાસે **બિલગોલ**[૪૦] ગામ છે, તેમાં વાસુપૂજ્યજીનું મંદિર છે. બે પર્વત અને ગામમાં થઈને ૨૩ જિનમંદિરો છે.

૩૯. કુલ્પાકજી તીર્થ. નિઝામ હૈદ્રાબાદ પાસે.

૪૦. વેલ્ગુલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભદ્રબાહુસ્વામીએ અણસણ કર્યું હતું તે ઠેકાણે **ચંદ્રગુપ્ત** રાજાના નામનું મંદિર છે. ત્યાંથી નજીકમાં **કનકગિરિ** ઉપર ચંદ્રપ્રભુજીની શાસનદેવી જ્વાલામાલિનીનું મંદિર છે. ત્યાંથી **કાબેરી** નદી ઉતરીને **મલયાચલ**માં પ્રવેશ કર્યો. કડી ૬૭–૭૫.

**મલયાચલ** દેશમાં **અંજનગિરિ** ઉપર વિષમ સ્થાનમાં શ્રી શાંતિનાથજીનું મંદિર છે. **મલયાચલ**માં મોટાં મોટાં વૃક્ષો, ચંદનનાં વનો અને હાથીઓ ઘણાં છે. ત્યાંથી ઘાટ ઉતરીને **મલબાર** દેશમાં **કલિકોટ** બંદરે આવ્યા. અહિં **ગુજરાતી** વેપારીઓ છે અને શ્રી સંભવનાથનું શ્વેતાંબરી મંદિર છે. અહીં ગોમટસ્વામીની ૨૮ હાથની મૂર્તિ છે. અહીંથી મોટા વિસ્તારવાળા **તુલ** દેશમાં પાંચ ઠેકાણે રાજાઓ જૈન છે. **બદરી** નગરીમાં ચંદ્રપ્રભ, આદિનાથ, પાર્શ્વનાથ આદિ ૧૯ દેરાસરો છે. અહીં જૈની રાણી રાજ્ય કરે છે અને ચારે વર્ણના લોકો જૈન ધર્મ જ પાળે છે. અહિં રત્ન, મણિ, માણિક, હીરા, સોના અને ચંદનની મૂર્તિઓ અને તાડપત્રનો જ્ઞાનભંડાર છે. **કારકલ** ગામમાં નવ માણસ જેવડી ઊંચી શ્રી ગોમટસ્વામીની મૂર્તિ, ચૌમુખ આદિદેવનું અને શ્રી નેમિનાથનું દેરાસર છે. **વરાંગી** ગામમાં નેમિનાથ અને પર્વત ઉપર સાઠ મંદિરો છે. એ પ્રમાણે **તુલ** દેશનું વર્ણન કર્યું. **મલયાચલ** અને સમુદ્રની વચ્ચે જૈની રાજ્યો અને જૈન મંદિરો ઘણાં છે. કડી ૭૬–૮૮.

ત્યાંથી **વિનુરિ** ઘાટ ચડીને ફરીને **કર્ણાટક** નગરમાં આવ્યા. અહિં રાણી રાજ કરે છે અને બે જિનમંદિરો છે. ત્યાંથી **હુબસી** આવ્યા. ત્યાં પાર્શ્વનાથ અને પદ્માવતી છે. અહિં સર્પ ઘણા ફરે છે, પણ કોઈને કરડતા નથી. **ચિત્રગઢ, બનોસી, વંકાપુર**માં શંખમુખી નેમિનાથ દેવ, **લખમીસરપુર** અને **ગદગ**માં મંદિરો છે. કડી ૮૯–૯૫

અહીંથી **કાન્હડ** દેશ આવે છે. તેમાં **રાયહુબેલી** નગરમાં અનંતનાથ ને પાર્શ્વનાથ, **કૃષ્ણાનદી**ના કિનારે **રામ** રાજાનું **વીજાનગર** છે. એ **વીજાપુર**માં કરહેડા અને અને કલિકુંડ પાર્શ્વનાથ, શાંતિનાથ, પદ્માવતી દેવી છે. બુદ્ધિ–ઋદ્ધિવંત **મણિધર** શ્રાવક રહે છે અને પ્રજાપાલક **ઇદલશાહ** રાજ કરે છે. **ચારણગિરિ**માં નવનિધિ પાર્શ્વનાથ છે. ત્યાં ઘણી પ્રતિમાઓ અને **પંચમ** જ્ઞાતિના ઋદ્ધિવંત શ્રાવકો ઘણા છે. **પંચમ વણિક, છીપા, કંસારા** અને **વણકર** એ બધા દિગંબર જૈન ધર્મ પાળે છે. **મરહઠ** દેશમાં **શિવા**ની સીમમાં જૈન તુલજાદેવી બહુ ચમત્કારી છે. **શ્યાહગઢ, સુગી, પઇઠાણ** નગરમાં મુનિસુવ્રતસ્વામી અને **બાણગંગા** નદીને કાંઠે શ્રી જીવિતસ્વામિની પ્રતિમા છે. અહિં **સિદ્ધસેન દિવાકર** અને **હરિભદ્રસૂરિ** થયા છે. કડી ૯૬–૧૦૫.

**કીસનેર**ના પર્વત પર પાર્શ્વનાથ, **દોલતાબાદ, દેવગિરિ, ઔરંગાબાદ**માં શાંતિનાથ અને વીરપ્રભુ છે. **ઇલોરા**ની ગુફાઓમાં અતિ અદ્ભુત જિનમૂર્તિઓ કોતરેલી છે. આ પ્રમાણે **દક્ષિણ** દેશની વાત મેં કહી. કડી ૧૦૬–૧૦૭

**દાનગિરિ**માં પાર્શ્વનાથ, **નાશિક, ત્ર્યંબક**માં શ્રી સુવ્રતનાથ, **તુંગીગિરિ**માં બલભદ્ર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નંદરબાર, નિઝર, ધનારા**માં શ્રી અજિતનાથ છે. કડી ૧૦૮-૧૦૯

હવે **કોંકણ** દેશમાં વડસાલિ,[૪૧] ઘણ[૪૨]દીવી, મહુવામાં[૪૩] પાસ, વીર અને વિઘ્નહર આદિનાથ છે. **નવસારી, સૂરતમાં** શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, **ઉંબરવાડા**માં જીરાવલા પાર્શ્વ તથા આદિનાથ છે. **સૂરત**ના શ્રાવકો ઘણા ઋદ્ધિવાળા, અને ધર્મનિષ્ઠ-ભક્તિવાળા છે. અહિં **તાપી**-સાગરસંગમ હોવાથી દૂરદૂરના વહાણો આવે છે. કડી ૧૧૦-૧૧૪.

**રાંદેર**માં શ્રી આદિનાથ, **અંકલેશ્વર**માં આદિનાથ, **ભરુચ**માં કહારો પાસ, શ્રી આદિનાથ, શ્રી મુનિસુવ્રત, **અંબડદે**એ બત્રીસ લાખ સોનૈયા ખર્ચીને કરાવેલ સમળી વિહાર વિગેરે મંદિરો છે. કડી ૧૧૫-૧૧૭

**વડુ**માં મહાવીર, **સેનાપુરી**માં આદિનાથ, **રાજપીપલા, ચંપાનેર**માં નેમિનાથ, **ડભોઇ**માં શ્રી પાર્શ્વનાથ, **વડોદરા**માં દાદા પાર્શ્વનાથ, **ગંધાર**માં ઘણાં જિનબિંબ, અને અને **કાવી**માં બે મંદિરો છે. કડી ૧૧૮-૧૨૦

ત્યાંથી **મહીસાગર** ઉતરીને **ગુજરાત**માં આવ્યા. ત્યાં **ત્રંબાવતી** નગરી (**ખંભાત**)માં સ્તંભન[૪૪] પાર્શ્વનાથનુ તીર્થ છે. ત્યાં જીરાઉલો, નારિંગો, ભીડભંજન, શામલો, નવપલ્લવ, જગવલ્લભ, સુખસાગર પાર્શ્વનાથ વિગેરે ઘણાં મંદિરો છે. **ખંભાત**ના શ્રાવકો **તુંગીયા**ની ઉપમાવાળા છે. વળી અહીંના **ઓસવાલ સોની તેજપાલે** એક લાખ ધન ખરચી **શત્રુંજય** ઉપર શિખર કરાવ્યું; સંઘવી **ઉદયકરણ, સોમકરણ, વિજકરણ, જયકરણ** વગેરે ધર્માત્મા છે. શ્રી **શ્રીમાલ** વંશના પારેખ **વજીઆ** અને **રાજીઆ**એ પાંચ મંદિરો કરાવ્યાં, તેમની ગાદી **ગોવા** બંદરમાં હતી, ગાદી ઉપર સોનાનું છત્ર અને ફિરંગી રાજ તેમને મસ્તક નમાવતા અર્થાત્ તેઓ બહુ પ્રતાપી હતા. અહીંના **પ્રાગવંશના કુંઅરજી વાડુઆ**એ પિતા પુત્રે હોડાહોડે કરીને **કાવી**માં બન્ને મંદિરો કરાવ્યાં; **મોઢ** જ્ઞાતિ **ઠક્કર જયરાજ**ના વંશના **લાલજી**ના પુત્ર **માલજી** અને **રામજી**એ **૧૬૨૨**માં **શત્રુંજય**નો સંઘ કાઢી યાત્રા કરી સંઘવી પદવી લીધી અને ઘણી ધર્મકરણી કરી. **ચોકસી આણંદ** પુત્ર **વેલજી** વગેરે અહીંના બધા શ્રાવકો ધર્મપરાયણ છે. કડી. ૧૨૨-૧૩૯.

**સોજિત્રા, માતર, બારેજા, ધોલકા**માં આદિનાથ અને પાર્શ્વનાથ છે. **અમદાવાદ**માં ચિંતામણી, ભાભો, સામલો, મોઢેરો પાર્શ્વ અને મહાવીર વગેરે ૧૦૮ મંદિરો છે. અહીંના **ઓસવાલ સૂરા-રતન** એ બે ભાઈઓએ **૧૬૮૭** માં દાનશાલા ખોલી દુકાલ વખતે ભોજન આપ્યું અને વિમલાચલના ૧૮ સંઘ કાઢ્યા; તેના પુત્ર **ધનજી** અને **પનજી**એ એક લાખ એંસી હજાર દ્રવ્ય ખર્ચી **સમ્મેતશિખરજી**નો સંઘ કાઢી સંઘવી થયા. **શ્રી શ્રીમાલ** વંશમાં **દોશી મનીઓ** થયો, તેણે સંવત્ **૧૭૦૪** માં દુકાલમાં દાનશાલા ખોલી

---

૪૧. વલસાડ ૪૨. ગણદેવી ૪૩. મહુવા (સુરત જીલ્લાનું) ૪૪. શ્રી હીરવિજયસૂરિ રાસમાં કવિ ઋષભદાસે લખ્યું છે કે ખંભાતમાં વિ. સં. ૧૬૮૫ માં ૮૫ જિનમંદિરો અને ૪૫ પૌષધશાલાઓ (ઉપાશ્રયો) હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ લાખ રૂપીઆ ખર્ચી દુકાલ દૂર કરાવ્યો; પછી ૧૧ હજાર માણસનો સંઘ કાઢી **શત્રુંજયની** યાત્રા કરી; **મોંઢેરાનું** મંદિર કરાવ્યું;[૪૫] **રાજનગરના** બધા મંદિરોમાં સત્તરભેદી પૂજા ભણાવી; શીલવ્રતધારીને સોનામહોરની પ્રભાવના કરી; સંઘભક્તિ કરી; ગુલામો છોડાવ્યા વગેરે ઘણાં ધર્મકૃત્યો કર્યાં. તેમના પુત્ર **દોસી શાંતિદાસ** પણ ધર્માત્મા હતા, લહુજી, પનજી, મનજી, શાંતિકરણ અને સોમકરણ એ પાંચ પુત્રોએ સહિત સૂરચંદ ધર્માત્મા હતા, **ઓસવંશમાં શાંતિદાસ** શેઠ ચાર પુત્રોએ સહિત બહુ ધર્માત્મા અને ધનાઢ્ય હતા. **દિલ્લીપતિ** પણ તેમને માન આપતા તથા મહામંત્રી **વસ્તુપાલના** વંશના **શિવા સોમજી** જેમણે **શત્રુંજય** ઉપર ચૌમુખજીનું મંદિર કરાવ્યું છે. **અમદાવાદ** ત્રણે જોજનમાં વસે છે, અને ત્યાં શ્રાવકનાં **પચાસ હજાર ઘર** છે. અહિંના શ્રાવકો બહુ વિવેકી અને ધર્માત્મા છે, શહેર મોટું છે વગેરે. કડી ૧૪૦–૧૫૫.

**કપડવણજ, સાણંદમાં**, પાર્શ્વનાથ ને આદિનાથ, **વીરમગામ, શંખેશ્વરા પાર્શ્વનાથ, સેરિસામાં** લોઢણ પાર્શ્વનાથ મંત્ર બલથી **જૈનકાંચીથી** લાવવામાં આવ્યા હતા. **કડી, મહેસાણામાં** શ્રી આદિનાથ, શ્રી વીર, શ્રી પાર્શ્વનાથ છે. **વીસલનગર, વીજાપુર, વડનગરમાં** પહેલી **શત્રુંજયની** તલાટી હતી. **સિદ્ધરાજે** વસાવેલું **સિદ્ધપુર** જ્યાં **સરસ્વતી** નદી છે. **પાટણમાં** પંચાસરો, કોકો, નારિંગો, ચારૂપ વગેરે ૧૮ પાર્શ્વનાથ છે. પાટણમાં કુલ ૧૨૦ મંદિરો છે. **કુમારપાલ** અને **વિમલ** પ્રધાન અહિં થયા છે. **હેમાચાર્યના** વ્યાખ્યાનમાં ૧૮૦૦ કોટીધ્વજ આવતા હતા. **કુમારપાલ** મહાપ્રતાપી અને ધર્માત્મા થયા, તેણે બધી પૃથ્વી જિનથી મંડિત કરી. **પાટણના** શ્રાવકો પણ બહુ જ ધર્માત્મા હતા વગેરે. ૧૫૬–૧૬૭.

## ઉત્તર દિશાની તીર્થમાલા

**દિલ્લીમાં અકબર** બાદશાહના વખતમાં **છંદુ** ઝવેરી બુદ્ધિનિધાન હતો. તેણે બાદશાહની સભામાં બ્રાહ્મણોને હરાવીને જૈન ધર્મનો જયકાર કરાવ્યો હતો. કવિના સમયમાં પણ ત્યાં બાદશાહ **અકબરના** વંશજોનું રાજ્ય હતું. **દિલ્હી** બે યોજનમાં વસ્યું છે અને **યમૂનાના** કાંઠે **આગરા** છ યોજનમાં વસ્યું છે. કડી ૧–૧૦

**નગરકોટમાં** જ્વાલામુખી દેવી શોભે છે.

**કાશ્મીરથી** પૂર્વ દિશામાં **રોમનગર** છે. ત્યાં બાર પાતશાહો રાજ્ય કરતા હતા તેને **વિમલ** પ્રધાને જીત્યા હતા.

**ગંગાતીરે કેદાર, કુરુક્ષેત્ર હરદ્વાર; હિમાલય ગિરિમાં** હિંગલુજ દેવી; **લાહોર; મુલતાનમાં કાબુલના** પઠાણોનું રાજ્ય; **ખંધાર નગર, કાલંજર** પર્વત, **યમુના** નદી, **માનસરોવર, ગંગા નદી, ઇસમાનનગર, કાશ્મીર, સાસતાનગર, મલિક બાદશાહ, ખુરા–**

૪૫. અમદાવાદમાં મોઢેરા પાર્શ્વનાથનું મંદિર કરાવ્યું, એમ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પાં ✣ ચ સ ✣ કા ✣ ર : :

### સદાચાર

અનુ૦ અભ્યાસી B. A.

( ગતાંક પૃષ્ઠ ૫૮થી શરૂ )

**સાધારણ સદાચારના નિયમો:—**

પોતાના કુળ, શીલ તેમજ દેશાચાર અનુસાર વસ્ત્રો પહેરવાં. નિર્દોષ લોકાચારનો ત્યાગ ન કરવો. અતિથિ માત્રનું સન્માન કરવું. દરેક ગૃહસ્થે પોતાની શક્તિ અનુસાર આસન, ભોજન, પથારી, જળ અને ફળ-ફળાદિવડે સત્કાર કર્યા વગર અતિથિને પોતાના ઘરેથી જવા દેવો જોઈએ નહિ. ઘરે અચાનક અતિથિ આવી જાય તો ઊઠીને તેનું સ્વાગત કરવું તથા યથાસાધ્ય તેમને અનુકૂળ સ્થાન અને ભોજન વિગેરેનો પ્રબંધ કરવો. સારું આસન, સારા વાસણ, સારું ભોજન, દરેક સારી ચીજ અતિથિને આપવી જોઈએ. તેના આરામનો ખ્યાલ રાખવો જોઈએ. અતિથિ ભોજન કરતા હોય ત્યારે પોતાના હાથે તેમની રુચિ અનુસાર રસોઈ પીરસવી. અતિથિની પહેલાં ભોજન ન કરવું. જે ઘરેથી અતિથિ નારાજ બનીને જાય છે તેનો ધર્મ તે લેતો જાય છે. આપણે ઘરે આપણા કરતાં કોઈ મોટો પુરુષ આવે તો ઊઠીને તેમનું સન્માન કરવું. તેની સાથે નમ્રતાપૂર્વક વાતચિત કરવી અને આપણાથી ઊંચા સ્થાને તેમને બેસાડવા.

કેશ, નખ તથા દાઢી વધારે વધારવા નહિ.

અસ્ત થતાં તથા ઊગતા સૂર્યને જોવો નહિ.

વાછડાને બાંધવાની દોરીને ઓળંગવી નહિ.

વરસાદમાં દોડવું નહિ તથા પાણીમાં પોતાનું મોઢું ન જોવું.

કોઈ પુરુષ અથવા સ્ત્રી ન્હાતાં હોય, ભોજન કરતાં હોય, દવા લેતા હોય, બચ્ચાના મળ-મૂત્ર ધોતાં હોય તે વખતે તેને કોઈ બીજા કામે ન મોકલવા.

જે ગામમાં અધાર્મિક લોકો રહેતાં હોય અને જ્યાં ચેપી રોગ ચાલતો હોય ત્યાં ન રહેવું.

---

**સાણ**, **હુંનસાન રાજા**, **ઇસ્તંબોલ નગર**, **તિલંગશાહ** બાદશાહ, **બબર** કુલ, **સહસ્રમુખી ગંગા**, **દેશ દેપાલ નેપાલ-ભોટાન-પઈ-ગુરખાંગ** અને **કલિંગ લાટદેશમાં તારાતંબોલ**, ત્યાં **સૂરચંદ્ર** રાજા; **સુવર્ણકાંતિ** નગરી, ત્યાં **કલ્યાણસેન** રાજા; **મહાધર** પર્વત; વગેરેનું વિસ્તારથી વર્ણન કરવા સાથે **તારાતંબોલ**, **સુવર્ણકાંતિ** નગરી વગેરેમાં **જૈન** ધર્મની ભારે જાહોજલાલી હોવાનું કહ્યું છે. કડી ૧૧-૪૮.

**દિલ્લીથી** ઉત્તર દિશાનું વર્ણન રસિલું હોવા છતાં કવિએ સાંભળ્યા પ્રમાણે કરેલું છે, એવું તીર્થમાલા ઉપરથી સ્પષ્ટ જણાય છે; માટે **દિલ્હીથી** ઉત્તર દિશા તરફનાં શહેરોનાં માત્ર નામો જ આપીને આ મારો લેખ અહીં સમાપ્ત કરું છું. વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ આ તીર્થમાલાની છપાઈ ગયેલી બન્ને આવૃત્તિઓ જોવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળમૂત્ર, થુંક, અપવિત્ર વસ્તુ, એઠું, લોહી, કાચ, ઝેર વિગેરે ચીજો તળાવમાં કે કૂવામાં ન નાખવી.

કાંસાના વાસણુમાં પગ ન ધોવા, બેઠા બેઠા માટી–જમીન ખોદવી કે તરણાં તોડવા એ બહુ નુકશાનકારક છે.

બીજાનાં પહેરેલાં કપડાં કે જોડાં ન પહેરવાં. હાથમાં પગરખાં લઇને ન ચાલવું. ભાંગ, ગાંજો, ચરસ, દારુ વિગેરે કેફી પદાર્થનો ત્યાગ કરવો. વધારે પડતી મશ્કરી ન કરવી, કોઇની ઉપર આક્ષેપ ન કરવો.

નોકરોની સાથે સારું વર્તન રાખવું, તેઓની માંદગી અથવા મુશ્કેલી વખતે તેઓની સેવા કરવી અને યથાશક્તિ સહાય કરવી. તેને નીચા માનવા નહિ. પતિત, ચાંડાલ, ઢેઢ, અભિમાની, કૃતઘ્ની, આળસુ, મહાપાપી, ચોર, લૂંટારા તથા શત્રુની સાથે ન બેસવું.

બન્ને હાથથી માથું ન ખંજવાળવું. ગમે ત્યાં થુંકવું નહિ. હંમેશા માતાપિતા તથા ગુરુની સેવા કરવી, તેઓની આજ્ઞા પાળવી. રસ્તામાં જોઇને ચાલવું, વાતચિત ન કરવી, લોકોની ભીડમાં કોઇને ધક્કો ન મારવો, ભૂલથી કોઇને ધક્કો લાગી જાય તો તેની ક્ષમા માગવી.

વેરીનો મદદગાર, અધાર્મિક મનુષ્ય, લોભી, કામી, ચોર તેમજ પરસ્ત્રીનો સંગ કદાપિ ન કરવો. કોઇને ત્યાંથી કોઇ પણ ચીજ મંગાવવી નહિ, અને જરૂરવશાત મંગાવવી પડે તો પાછી મોકલવાનો ખાસ ખ્યાલ રાખવો. તે ચીજ બગડી જાય તો બીજી મંગાવી લેવી. કોઇનું થોડું પણ ધન હરણ કરવું નહિ અને જરા પણ કડવું વચન ન બોલવું, ખોટું વચન મીઠું હોય તો પણ ન બોલવું. અપ્રિય સત્યથી પણ બચી રહેવું. બીજાની સ્ત્રી તરફ, બીજાના ધન માટે તથા બીજાની સાથે વેર કરવા માટે કદી પણ અભિરુચિ ન રાખવી.

કોઇ બીજાને ત્યાં આપણુને મ્હેમાન થવાનો પ્રસંગ આવે તો ધ્યાનમાં રાખવું કે તેને તકલીફ ન પડે

લોક દ્વેષી, પતિત, પાગલ અથવા જેને બહુ દુશ્મનો હોય એવા માણસની સાથે, કુલટા સ્ત્રી સાથે, જૂઠું બોલનારની સાથે બીજાની નિંદા કરનારની સાથે મિત્રતા ન કરવી.

જળપ્રવાહ એટલે કે પુરની સામે સ્નાન ન કરવું, બળતા ઘરમાં પ્રવેશ ન કરવો, દાંતો પરસ્પર ઘસવાં નહિ, કાનમાં તરણાં ન નાખવા, દાંતને પિન કે સોયથી ખોતરવા નહિ, નખ મોઢેથી ખોતરવા નહિ, મૂછના વાળ હાથવડે તોડવા નહિ, ખૂબ મોટેથી હસવું નહિ, નગ્ન અવસ્થામાં સ્નાન ન કરવું.

ઉત્તમ કે અધમ કોઇ પણ માણસની સાથે વિરોધ ન કરવો, કલેશ ન વધારવો, વ્યર્થ વૈરનો ત્યાગ કરવો, થોડું નુકશાન સહન કરી લેવું; પરંતુ વૈરથી કાંઇ લાભ થતો હોય તો પણ તેનો ત્યાગ કરવો. પગ ઉપર પગ ન ચડાવવા, પોતાના વડીલોની સામે ઊંચા આસન પર ન બેસવું, સભાની વચ્ચેથી ન ઊઠવું. કોઇ પણ બીમારીને લઇને ઉઠવાનો સંભવ લાગે તો વચ્ચે ન બેસતાં પહેલેથી જ દૂર બેસવું. સભામાં વાતચિત ન કરવી, મોટેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હસવું નહિ. પૂજ્ય તથા પરિચિત માણસને રસ્તામાં જોતા તેને પ્રણામ કરવા. રાત્રે બહાર જવું હોય તો પગરખાં પહેરી જવા.

કાણા-કુબડા અથવા લૂલા-લંગડા, અભણને, કદરૂપાને, ગરીબને તથા હલકી જાતવાળાને તું કાણો છે, મૂર્ખ છે, કદરૂપો છે, **ચાંડાલ છે**, નીચ છે, કંગાલ છે એવા વચનો કહીને તેને ચીડવવા નહિ.

યથાશક્તિ પોતાની પાસે જે કાંઇ હોય તેનાથી બધા પ્રાણીઓની સેવા કરવી. કોઇ પણ પ્રાણીને કોઈ પણ પ્રકારનું દુઃખ, ભય કે કષ્ટ ન આપવાં, જાણી-બુઝીને કોઈનું અહિત ન કરવું. પશુ-પક્ષી ઉપર નિર્દયતા ન કરવી, ન થવા દેવી. પીડાએલા પશુઓની સેવા કરવી-કરાવવી. ભૂલા પડેલા મનુષ્યને તેની સાથે જઇ રસ્તો બતાવવો. રસ્તો પૂછનારની સાથે સહાનુભૂતિભરેલા શબ્દોથી બોલવું. ગરીબ કે દુઃખી માણસોની સાથે ખૂબ મિઠાશથી બોલવું અને યથાશક્તિ તેઓને સહાયતા કરવી.

રેલગાડી છૂટતી વખતે ડબામાં ચડનાર માણસોને રોકવા નહિ. મુસાફરને ખોટું પણ ન કહેવું કે આગળ ઘણા ડબા ખાલી છે. જે ડબામાં બહુ ભીડ હોય તેમાં જઇને પહેલેથી બેઠેલા લોકોને તકલીફ ન આપવી. વખત હોય તો બીજો ડબો શોધી લેવો. ગાડીમાં રોગી, સ્ત્રી, વૃદ્ધ કે બાળક ઊભા હોય તો તેને જગ્યા આપીને પોતે ઊભા રહેવું. તેઓ જાગતા હોય તો પોતે બેસીને તેઓને સૂવાની જગ્યા કરી દેવી. યથાશક્તિ પોતાની સાથેના બધા મુસાફરોને સુખ-સગવડ આપવાનો યત્ન કરવો. ગાડીના ડબાની અંદર થુંકવું નહિ. બહાર મોઢું કાઢીને થુંકવું. ડબાની અંદર પાણી ન ઢોળવું. હાથ ધોવા હોય તો બારીની બહાર નજર રાખીને ધોવા. સદાચારનું ખૂબ સાવધાનીથી પાલન કરીને બાળકોને સદાચાર શીખવવો. બાળકોને મારીને અથવા તેના ઉપર ખીજાઇને તેઓને સદાચારી બનાવી શકાતા નથી. આપણે પોતે સદાચારી બનશું તો બાળકો સદાચારી બનવાના.

બીજાઓના દોષોની ચર્ચા ન કરવી. મનમાં તેનું મનન ન કરવું, તેમજ બીજાઓને કહેવા પણ નહિ. આડોશીપાડોશીના ઘરમાં ઝગડો હોય તો તે પતાવી દેવાનો યત્ન કરવો. જૂઠા માણસોનું જૂઠું એ સાચું છે એમ બતાવવામાં સાથ ન આપવો. કોઇના ધર્મ કે ઇષ્ટદેવની નિંદા ન કરવી. તેઓના ધર્મમાં યથાશક્તિ તેઓને મદદ કરવી. આપણું ખરાબ કરનારનું પણ ભલું કરવાનો યત્ન કરવો. કોઇ માણસનું ખરાબ ઇચ્છવું નહિ, તેમજ સ્વાર્થવશ થઇ જાણી-બૂઝીને કરવું નહિ.

લોભવશાત્ પાપથી ધન ન કમાવું. બીજાને છેતરીને, બીજાની વસ્તુ ચોરીને, બીજાના હક ઉપર તરાપ મારીને ધન કમાવું એ પાપ છે. પાપની કમાણી પરિણામે બહુ જ દુઃખદાયક બને છે.

બીજાની ઉન્નતિમાં કદી પણ તનથી, વચનથી કે મનથી સહાયક ન બનવું. કોઇથી કાંઇ દોષ થઇ ગયો હોય અને તેને માટે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પસ્તાવો કરે તો તેને હૃદયથી માફી આપવી. સહાનુભૂતિપૂર્વક તેને કુમાર્ગ ઉપરથી સન્માર્ગ ઉપર લાવવો–તેનો તિરસ્કાર ન કરવો તેમજ તેના દોષનો પ્રચાર પણ ન કરવો.

ગરીબ કુટુંબીઓનો અનાદર ન કરવો. ઊલટા તેઓને વિશેષ માન આપવું. કોઇ ઠેકાણે આવવા--જવામાં ગરીબ ભાઇ સાથે હોય તો આપણા વર્તનથી તેને અપમાન ન લાગે તેમ ખ્યાલ રાખવો. તેને ગરીબ સમજીને તેની ઉપેક્ષા ન કરવી.

બે માણસો વાત કરતા હોય તો તેની વચમાં ન બોલવું. તેઓની વાત સાંભળવાનો પ્રયાસ ન કરવો. બીજાઓના પત્ર ન વાંચવા તેમજ બીજાઓની ગુપ્ત વાત જાણવાનો પ્રયાસ ન કરવો.

કોઈ કામમાં ઉતાવળ ન કરવી. ખૂબ વિચારીને પોતાના બળનો ખ્યાલ રાખીને કોઇ પણ કામ હાથમાં લેવું. કામ શરૂ કર્યા પછી તેને સફળ કરવાનો યત્ન કરવો. પોતાની નિંદા સાંભળીને ક્રોધ ન કરવો. પોતાના વખાણ સાંભળી ફુલાવું નહિ. બીજાના ગુણ સાંભળીને આનંદ પામવો. માન તથા મોટાઇનો ત્યાગ મનથી કરતાં રહેવું. કોઇ પણ માણસની સાથે વિવાદ અથવા શાસ્ત્રાર્થ ન કરવો. જો કોઇ મહાવિષયમાં વાદવિવાદ થવા લાગે અને એમ જણાય કે સામાવાળો હારી ગયો છે તો પ્રસંગ જોઈને તે બંધ કરી દેવું.

કોઇનું અપમાન ન કરવું. કોઈને વચન આપવું નહિ અને આપવું તો તે બરાબર ટેક રાખી પાળવું. વિશ્વાસઘાત ન કરવો. બીજો માણસ પોતાનું વચન પાળી શકે તો તેના ઉપર નારાજ ન થવું.

અપમાન અથવા તિરસ્કારપૂર્વક દાન ન આપવું. દાન આપીને કહી બતાવવું નહિ. સેવાભાવે જ ઉપકાર કરવો. અભિમાનથી દાન લેનારને દબાવી દેવા માટે, હલકો દેખાડવા માટે અથવા પોતાનું કામ તેની પાસે કરાવવા માટે ઉપકાર ન કરવો.

બેકાર માણસોને કમાણીના માર્ગે લગાડવો એ તેની મોટી સેવા છે. ભાઇ–ભાઇ વચ્ચે કે ભાગીદારો વચ્ચે ભાગ પાડતી વખતે તેનાથી કોઇ ચીજ ન છુપાવવી, વધારે ભાગ મેળવવાની ઇચ્છા ન કરવી.

બની શકે ત્યાં સુધી કોઇનું કરજ ન કરવું. કરજ કરવું પડે તો તેટલું જ કરવું કે જેટલું સ્હેલાઇથી ચૂકાવી શકાય એમ હોય. તેમજ તેની ચિંતા રાખીને જલ્દી ચુકાવી દેવું. કોઇએ આપણી પાસેથી રૂપિયા ઉછીના લીધા હોય અને તે એવી તંગ સ્થિતિમાં આવી ગયો હોય કે કોઈપણ રીતે પાછા આપી શકે એમ ન હોય તો એને સતાવવો નહિ. કોઈનું પણ રહેવાનું ઘર લીલામ ન કરાવવું.

ભૂલ કોણ નથી કરતું ? પોતાના નોકરોથી કાંઇ ભૂલ થઈ જાય તો તેના પ્રત્યે નારાજ ન થવું. તેની ભૂલો સહન કરવી અને પ્રેમપૂર્વક સમજાવીને તેના દિલમાં શાંતિ તથા પ્રસન્નતા ઉપજાવીને તેને એવી સ્થિતિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકવો કે પછી તેનાથી ભૂલ ન થાય, ભૂલથી સર્વથા રહિત તો એક પરમાત્મા જ છે.

રોગી માણસોની સેવા સાચા દિલથી કરવી. તેને એમ ન લાગવું જોઇએ કે મારી ઉપર સેવા કરનારા ઉપકાર કરે છે. રોગીના કપડાં, પથારી હંમેશા બદલવા, સહાનુભૂતિ-પૂર્વક તેની વાતો સાંભળવી, દવા યોગ્ય સમયે આપવી, તેને માટે જે વસ્તુ કુપથ્ય હોય તે તેની સમક્ષ ખાવી નહિ તેમજ તેની ચર્ચા પણ ન કરવી. સેવા કરવામાં પોતાનું સદ્‌ભાગ્ય સમજવું.

ઈશ્વર હંમેશાં તમારી સાથે જ છે. તમારી દરેક ક્રિયા–મનથી ગુપ્તમાં ગુપ્ત ક્રિયા–પણ તે જુએ છે. એનાથી છુપાવીને તમે કશું પણ નથી કરી શકતા એ વાત કદી પણ ન ભૂલવી.

ઇશ્વર હંમેશા આપણો સહાયક છે, આપણા રક્ષણ માટે તૈયાર છે.

પરમાત્માના નામનો જપ, કીર્તન, તેના ગુણોનું ગાન તથા શ્રવણ, તેના યશનો વિસ્તાર, તેમાં સ્વરૂપનું ચિંતન તથા ધ્યાન યથાશક્તિ પોતે કરવું અને બધાની પાસે પ્રેમ-પૂર્વક કરાવવાનો યત્ન કરવો. આત્માને આધ્યાત્મિક માર્ગે ચડાવીને પરમાત્મા સન્મુખ કરવા કરતાં બીજું એક પણ પુન્ય વધારે ઉત્તમ નથી.

પરમાત્મા જ સત્ છે. તેનું જરા પણ સ્મરણ કરવું એ જ મહાસદાચાર છે. પરમાત્માની વિસ્મૃતિ જ દુરાચાર છે. તેથી બને ત્યાં-સુધી તન–મન–ધન પરમાત્માને અર્પણ કરીને, સઘળું પરમાત્માનું જ સમજીને, પરમાત્માની શક્તિ તથા પ્રેરણાથી પરમાત્મપ્રીત્યે જ તન–મન–વચનથી બધી ક્રિયાઓ કરવી જોઇએ. એ જ સદાચારનું પ્રથમ સાધન છે.

તેથી સદાચારનું પાલન કરનાર માણસોનું એ તરફ જ લક્ષ્ય જરૂર રહેવું જોઈએ. વિષ્ણુ-પુરાણમાં કહ્યું છે કે:—

सदाचाररतः प्राज्ञो, विद्याविनयशिक्षितः ।
पापेऽप्यपापः पुरुषे, ह्यभिधत्ते प्रियाप्रियः ॥
मैत्री द्रवान्तःकरणस्तस्य, मुक्तिः करे स्थिता ।
ये कामक्रोधलोभानां, वीतरागा न गोचरे ॥
सदाचारस्थितास्तेषा–मनुभावे धृता मही ।
प्राणिनामुपकाराय, यथैवेह परत्र च ।
कर्मणा मनसा वाचा, तदेव मतिमान् भवेत् ॥

જે વિદ્યા, વિનયસંપન્ન, સદાચારી, પ્રજ્ઞ પુરુષો પાપીની સાથે પણ પાપમય વ્યવહાર નથી કરતો, કઠોર બોલનારની સાથે પણ પ્રિય ભાષણ રહે છે તથા તેનું અંતઃકરણ મૈત્રી ભાવનાથી ફલિભૂત રહે છે તેની મુઠીમાં મુક્તિ રહેલી છે. જે જે વૈરાગ્યવાન મહા-પુરુષ કદી પણ કામ, ક્રોધ અને લોભ વગેરેને વશ નથી થતો તથા હમેશાં સદાચારમાં સ્થિત રહે છે તેના પ્રભાવે જ પૃથ્વી ટકી રહેલી છે. એટલા માટે જ જે કાર્યમાં લોક તથા પર લોકમાં પ્રાણીઓને ઉપકારક હોય તેનું જ આચરણ બુદ્ધિમાન પુરુષે મન વચન અને કાયાથી કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિ શ્રી *હરિચંદ્રવિરચિત

# ધર્મશર્માભ્યુદય મહાકાવ્ય

સમશ્લોકી અનુવાદ ( સટીક )

## સર્ગ ૧ લો

### મંગળ : જિનસ્તુતિ–

ઉપજાતિ

નખેંદુ શ્રી **આદિ**તણા પદોના, ભલે ચિરં આ કુમુદ વિકાસે !
જિહાં નમંતા નૃપ ને સુરોના, ચૂડામણિમાં મૃગબિંબ ભાસે. ૧
**ચંદ્ર**પ્રભુ વંદું પ્રભાથી જેની, ચંદ્રપ્રભા નિશ્ચય તે જિતાણી;
જો નાંહિ તો ઇંદુકુટુંબ શાને, લાગ્યું પગે **તે** નખના બહાને ? ૨

---

દોહો— **ગુર્જરીમાં સમજાવવા, કાવ્યતણો સદ્‌ભાવ;**
**ટીકા સુમનોનંદની, કરું યથામતિ ભાવ.**

* **જૈન** સમાજને અલંકૃત કરી ગયેલા પ્રાચીન કવિઓની નામાવલિમાં આ કવિ પણ એમની આ ઉજ્જ્વલ કૃતિથી વિશિષ્ટ સ્થાન ધરાવી શકે એમ છે. હરિચંદ્ર નામના એકથી વધારે કવિ થયા છે, તેમાં કોણે આની રચના કરી તે નિશ્ચિત કહી શકાતું નથી, પરંતુ કાદંબરીકાર મહાકવિ શ્રી **બાણ**ભટ્ટે શ્રી **હર્ષ**ચરિતના પ્રારંભમાં પુરોગામી કવિઓને જે સ્મરણાંજલિ **અર્પી** છે તેમાં **હ**રિચંદ્ર નામના એક કવિનો પણ ઉલ્લેખ છે, તે કદાચિત્ આ ગ્રંથકાર–તેમનું કાવ્યપ્રૌઢત્વ અને કલ્પનાનું ઉચ્ચગામિત્વ જોતાં–સંભવે ? અથવા અન્ય કોઇ હોય. જો તે આ જ કવિ હોય તો તેની અનુપલબ્ધ એવી અન્ય ગદ્યાદિ કૃતિ હોવી જોઇએ. **કર્પૂરમંજરી**માં **રાજશેખર** કવિ પણ **હરિચંદ્ર** કવિને સંભારે છે.

" पदबन्धोज्ज्वलो हारी, कृतवर्णक्रमस्थितिः ।
भट्टारहरिचन्द्रस्य, गद्यबन्धो नृपायते ॥ " —**श्री हर्षचरित**

**૧.** શ્રી આદિ જિનના ચરણનખરૂપ ચંદ્રો કુમુદને (**શ્લેષ**) ચિરકાલ પર્યંત વિકસાવો ! કે જે ચરણમાં નમસ્કાર કરતા રાજાઓ અને દેવોના ચૂડામણિમાં મૃગનું પ્રતિબિંબ પ્રતિભાસે છે કુમુદ **શ્લેષ** : (૧) ચંદ્રવિકાસી કમળ (૨) કુ=પૃથ્વી, મુદ=આનંદ-પૃથ્વીનો આનંદ.

અહીં **નખને** ચંદ્રનું **રૂપક** આપ્યું છે. ચંદ્રથી કુમુદ વિકાસ પામે છે, તેમ નખ–ચંદ્રથી કુમુદ (પૃથ્વીનો આનંદ) ઉલ્લસે છે. વળી તે નખચંદ્ર જ હોય અને તેમાં મૃગનું ચિહ્ન પણ હોય તેવી તાદૃશ કલ્પના પણ કવિએ ખડી કરી છે, કારણ કે તે નખચંદ્રના મૃગનું પ્રતિબિંબ ચૂડામણિમાં પડે છે એમ અત્ર કહ્યું છે; માટે અહીં **અતિશયોક્તિ** અલંકારનો એક પ્રકાર પણ છે.

" निगीर्याध्यवसानं तु, प्रकृतस्य परेण यत् ।
प्रस्तुतस्य यदन्यत्वं, यदार्थोक्तौ च कल्पनम् ॥ '–**'શ્રી કાવ્યપ્રકાશ,** ઉ. ૧૦, શ્લો. ૧૪

૨. તે **ચંદ્ર**પ્રભુને હું નમસ્કાર કરું છું, કે જેની પ્રભાવડે કરીને ચંદ્રની પ્રભા નિશ્ચય જીતાઇ ગઇ છે; જો એમ નહિં હોય તો ચંદ્ર–કુટુંબ નખના બહાને તેમના પગે કેમ લાગ્યું છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુરક્ષરો શું ભુંસવા ચહંતા, લલાટપટ્ટો ભૂપરે ઘસંતા;
દેવો નમે જેહ મહાગુણીને, શ્રી ધર્મ તે શર્મ દીઓ અમોને ! ૩
'હવે અપાપી અમ' એ પ્રતીતિ, અર્થે જ અગ્નિમહિં જેહ રીતિ;
પ્રવેશીને જાસ સુવર્ણકાંતિ, સુરો વિરાજ્યા,-ભજું તેહ શાંતિ. ૪
બોધાબ્ધિ તે વીરતણો અગાધ, દ્યો આપને રત્નત્રયી સુલાભ !
જેમાંહિ આ વિશ્વત્રયી વિશાલ, બુદ્બુદતા બિંદુ સમી નિહાળ ! ૫
જેના પદાબ્જોની રજોથી આંહિ, મંજાયલા ચિત્ત મુકુરમાંહિ;
વિશ્વો પ્રતિબિંબિત લોક દેખે, એવા જિનેંદ્રો નમું મોદ હેતે. ૬

[ અપૂર્ણ ]

**ભગવાનદાસ મનસુખલાલ મહેતા.**

---

આ શ્લોકમાં ચંદ્રપ્રભા કરતાં પ્રભુનું આધિક્ય બતાવ્યું છે તેથી **વ્યતિરેક** અલંકાર છે; અને આ તો નખ નહિં પણ નખના છલથી ચંદ્રકુટુંબ જ છે, એમ પ્રકૃતનો નિષેધ કર્યો હોઇ અત્રે **અપહ્નુતી** અલંકાર પણ સાધ્યો છે. ' प्रकृतं यन्निषिध्यान्यत्साध्यते सात्वपह्नुति ' —**કાવ્યપ્રકાશ**

૩. જાણે ખરાબ અક્ષરો ભુંસી નાખવા ઇચ્છતા હોયની ? એમ ભૂમિ પર લલાટ-પટ્ટ ઘસી રહેલા દેવો જે મહાગુણવંતને નમે છે તે શ્રી ધર્મનાથજી અમને શર્મ-આત્મશાંતિ આપો ! અત્રે **ઉત્પ્રેક્ષા** અલંકાર છે. ભૂમિ પર લલાટ ઘસતા, એ શબ્દોથી ભક્ત્યતિશય વ્યંજિત કર્યો છે.

૪. પ્રભુની શુદ્ધ કુંદન જેવી કાયાનું ચોપાસ વિસ્તરતું પ્રભામંડલ અગ્નિનો ભાસ સાથે એવું હતું અને તેમાં પ્રભુને વીંટળાઇ વળેલો દેવવૃંદ શોભતો હતો. તે માટે કવિ **ઉત્પ્રેક્ષા** કરે છે કે- " અમે પ્રભુને ભજ્યા છે એટલે હવે અમે નિષ્પાપ છીએ. "-એ એની કસોટી અર્થે જાણે હોયની ! એમ દેવો પ્રભુની અગ્નિસમી દેદીપ્યમાન દેહકાંતિમાં પ્રવિષ્ટ થયા હતા. શુદ્ધિની પરીક્ષા-કસોટી માટે અગ્નિપ્રવેશ આદિ દિવ્ય કરવાની માન્યતા પ્રચલિત હતી, તે આ ઉત્પ્રેક્ષાના મૂળભૂત છે.

૫. જેના અગાધ જ્ઞાનસમુદ્રમાં આ ત્રણે જગત્ માત્ર બુદ્બુદવાળા બિંદુ સમાન ભાસે છે તે શ્રી વીર તમને રત્નત્રયીનો લાભ આપો ! સાગરમંથનથી જેમ રત્નપ્રાપ્તિ થાય છે તેમ શ્રી વીરના જ્ઞાનસાગરથી રત્નત્રયીની પ્રાપ્તિ યુક્તિયુક્ત છે.

અહીં **રૂપકથી** અનુપ્રાણિત થયેલો **ઉદાત્ત** અલંકાર છે, કારણ કે પ્રભુનો પરમ **જ્ઞાનાતિશય** સૂચવે છે ' उदात्तं वस्तुनः संपत् । '—**શ્રી કાવ્યપ્રકાશ.**

૬. અહીં ચિત્તને દર્પણનું **રૂપક** આપ્યું છે. રજથી દર્પણ શુદ્ધ થતાં-મંજાતાં તેમાં પદાર્થો પ્રતિબિંબિત થાય છે, તેમ પ્રભુના ચરણકમલની રજથી ચિત્તરૂપ દર્પણ મંજાય છે-શુદ્ધ થાય છે, એટલે તેમાં જગત્ત્રયી પ્રતિબિંબિત થાય છે. જો કે ચિત્ત-દર્પણનું ચરણરજથી મંજાવું દ્રવ્યથી અસંભાવ્ય છે, છતાં ભાવથી કવિએ તે કલ્પિત કર્યું હોઇ, અત્રે **અતિશયોક્તિ** એક પ્રકારે પણ છે. અહીં કેવો સુંદર ભાવ પ્રદર્શિત કર્યો છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શ્રુતજ્ઞાન

લેખકઃ–શાસનપ્રભાવક શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી પ્રશિષ્ય
પં. ધર્મવિજયજી ગણિ

[ ગતાંક પૃષ્ઠ ૩૯ થી શરૂ ]

## ગુરુ-લઘુ, અગુરુલઘુ પર્યાયોમાં વ્યવહાર-નિશ્ચય નયની અપેક્ષાઓ

નિશ્ચય નયની અપેક્ષાએ કોઈ પણ દ્રવ્ય એકાન્તે 'ગુરુ' નથી. જો એકાન્તથી 'ગુરુ' કોઈ પણ દ્રવ્ય હોય તો તે એકાન્ત ગુરુ દ્રવ્ય હંમેશાં પતનધર્મવાળું જ થવું જોઇએ અને તે પ્રમાણે થતું નથી; માટે કોઇ પણ દ્રવ્ય એકાન્તે ગુરુ નથી, તે જ પ્રમાણે નિશ્ચય નયની અપેક્ષાએ કોઇ પણ દ્રવ્ય એકાન્ત 'લઘુ' (પરિણામી) પણ નથી; કારણ કે જો એકાન્ત 'લઘુ' હોય તો તે દ્રવ્ય સર્વદા ઊર્ધ્વગમન સ્વભાવવાળું જ હોવું જોઇએ અને તે પ્રમાણે દૃષ્ટિગોચર થતું નથી. કોઇ વખતે તે દ્રવ્ય પતનધર્મવાળું પણ થાય છે માટે એકાન્ત લઘુ દ્રવ્ય પણ નથી.

વ્યવહાર નયના મત પ્રમાણે તો એકાન્ત ગુરુ તથા એકાન્ત લઘુ પરિણામી દ્રવ્યો પણ માની શકાય છે, પરંતુ બાદરપરિણામી પુદ્ગલસ્કંધોમાં જ આ એકાન્ત ગુરુ અને એકાન્ત લઘુપણાનો વ્યવહાર સમજવો; સૂક્ષ્મ-પરિણામી સ્કંધોમાં નહિં. સૂક્ષ્મપરિણામી સ્કંધો સર્વ અગુરુલઘુ પરિણામવાળાં જ હોય છે. બાદરપરિણામી સ્કંધોમાં વ્યવહાર નયની અપેક્ષાએ જે એકાન્ત લઘુપણું ઉપર જણાવ્યું તે જ વસ્તુ ઉદાહરણથી સ્પષ્ટ કરવામાં આવે છે. જેમકે–લોઢાનો ગોળો એ વ્યવહાર નયની અપેક્ષાએ એકાન્ત ગુરુ પરિણામી દ્રવ્ય છે અને આકડાનું રૂ એ એકાન્ત લઘુપરિણામી દ્રવ્ય છે [ સાથે સાથે ગુરુ–લઘુપરિણામી તથા અગુરુલઘુપરિણામીના પણ ઉદાહરણો જણાવાય છે ]. વાયુ એ ગુરુ–લઘુ પરિણામી છે અને પરમાણુ વિગેરે અગુરુલઘુ પરિણામી દ્રવ્યો છે.

## નિશ્ચય નયની અપેક્ષાએ દ્રવ્યોમાં અગુરુલઘુ આદિ પર્યાયો

નિશ્ચય નયથી બે પ્રકારના દ્રવ્યોની ભાવના આ પ્રમાણેઃ--પરમાણુથી લઇને સંખ્યપ્રદેશી અસંખ્યપ્રદેશી તેમજ અમુક હદ (ઔદારિકની જઘન્ય વર્ગણાનો પ્રારંભ ન થાય ત્યાં) સુધીના જે અનન્તપ્રદેશી સ્કંધો છે તે તેમજ ભાષા–પ્રાણાપાન–મન–કાર્મણ વિગેરે યોગ્ય જે સૂક્ષ્મપરિણામી સ્કંધો છે તે બધા અગુરુ-લઘુ પરિણામવાળાં છે. અને ઔદારિક-વૈક્રિય–આહારક તથા તૈજસ યોગ્ય જે સ્કંધો છે તે બધા ય બાદર પરિણામવાળાં છે અને ગુરુલઘુ છે.

હવે ગુરુ–લઘુ તથા અગુરુ-લઘુ દ્રવ્યોનું અલ્પબહુત્વ તથા વર્ગણાઓ વિચારાય છે. તેમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદોવાળાં બાદર-પરિણામી સ્કંધોમાં એકોત્તર વૃદ્ધિવડે વૃદ્ધિ પામતી અનંત વર્ગણાઓ છે. તે બાદર-પરિણામી અનન્તપ્રદેશી જઘન્ય (ઔદારિક) વર્ગણાથી બાદરપરિણામી અનન્ત પ્રદેશી ઉત્કૃષ્ટ (તૈજસ) વર્ગણાના સ્કંધો સુધી સમ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જવું. સમસ્ત બાદરપરિણામી સ્કન્ધોની સમગ્ર વર્ગણાઓની અપેક્ષાએ સૂક્ષ્મપરિણામી અનન્તપ્રદેશી સ્કંધોની વર્ગણાઓ અનન્તગુણી છે. વળી સમસ્ત પરમાણુઓની એક વર્ગણા, દ્વિપ્રદેશી સ્કંધથી લઇને ઉત્કૃષ્ટ સંખ્યાતપ્રદેશી સ્કંધોની સંખ્યાતી વર્ગણાઓ, જઘન્ય અસંખ્યપ્રદેશી સ્કંધથી લઇને ઉત્કૃષ્ટ અસંખ્યપ્રદેશી સ્કંધોની અસંખ્યાતી વર્ગણાઓ અને જઘન્ય અનન્તપ્રદેશી સ્કંધોથી લઇને ઔદારિકની જઘન્ય વર્ગણાનો પ્રારંભ ન થાય ત્યાં સુધીની અનન્તપ્રદેશી સ્કંધોની અનંત વર્ગણાઓ પણ બધી સૂક્ષ્મપરિણામી છે. અને જે જે સૂક્ષ્મપરિણામી વર્ગણાઓ છે તે બધી અગુરુલઘુપરિણામવાળી છે.

એ રીતે પુદ્ગલાસ્તિકાયમાં સૂક્ષ્મપરિણામી સ્કંધોની અપેક્ષાએ બાદરપરિણામી સ્કંધો અનન્તમા ભાગે હોવાથી અને જે બાદરપરિણામી હોય તે જ ગુરુ–લઘુપરિણામવાળાં હોવાથી ગુરુલઘુપરિણામવાળાં પુદ્ગલસ્કંધો સર્વથી અલ્પ છે અને અગુરુલઘુપરિણામવાળાં પુદ્ગલો તેનાથી અનન્તગુણુ છે.

## ગુરુલઘુ–અગુરુલઘુ પર્યાયોનું અલ્પબહુત્વ

હવે ગુરુલઘુ અગુરુલઘુ પર્યાયોનું અલ્પબહુત્વ વિચારાય છે. પરમાણુરાશિ ૧, સંખ્યાતપ્રદેશી સ્કંધોની રાશિ ૨, અસંખ્યપ્રદેશી સ્કંધોનો રાશિ ૩, સૂક્ષ્માનન્તપ્રદેશી સ્કંધોનો રાશિ ૪, અને બાદર અનન્તપ્રદેશી સ્કંધોનો રાશિ ૫,–આ પ્રમાણે પાંચ રાશિ સ્થાપવા. તેમાં જે બાદર અનંતપ્રદેશી સ્કંધોનો રાશિ છે તેમાં છેલ્લામાં છેલ્લો સર્વોત્કૃષ્ટ જે બાદર સ્કંધ છે તેમાં ગુરુલઘુ પર્યાયો ઘણા છે અને અગુરુ–લઘુ પર્યાયો થોડા છે. અહિં બાદર સ્કંધોમાં પણ [1]અગુરુલઘુ પર્યાયોનું ઉપર જણાવ્યા મુજબ અસ્તિત્વ છે, છતાં પ્રગટપણે ગુરુલઘુ પર્યાયો હોવાથી તે બાદર સ્કંધો ગુરુલઘુ પર્યાયવાળાં જ ગણાય છે. આપણે તો વર્તમાનમાં ગુરુલઘુ તથા અગુરુલઘુ પર્યાયોનું અલ્પબહુત્વ વિચારવાનું મુખ્ય લક્ષ્ય હોવાથી ગુરુલઘુ સ્કંધોમાં પણ અગુરુલઘુ પર્યાયોની વિચારણા કરવી જ જોઈએ તેથી ગણના કરી છે. ઉપર જણાવેલા સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધથી જે નીચેના બાદર સ્કંધો છે તેમાં ગુરુલઘુ પર્યાયો અનુક્રમે અનન્તગુણહીન થતાં જાય

---

૧. બાદરપરિણામી ગુરુલઘુ પર્યાયવાલા સ્કંધોમાં પણ અગુરુલઘુ પર્યાયો શી રીતે હોઇ શકે? એમ શંકા થાય તે સહજ છે; પરંતુ જો બારીકાઇથી વિચારવામાં આવે તો તે શંકાનું સમાધાન થવું પણ તેટલું જ સુલભ છે. અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વર મહારાજના સિદ્ધાન્ત પ્રમાણે અનન્તપ્રદેશી સ્કંધોમાં જેમ જેમ પ્રદેશોનું બાહુલ્ય તેમ તેમ પરિણામ સૂક્ષ્મ સૂક્ષ્મતર થાય છે. બાદર સ્કંધોમાં પણ ઔદારિક યોગ્ય સ્કંધોની અપેક્ષાએ ઔદારિક અગ્રહણ તેમજ વૈક્રિય યોગ્ય વિગેરે સ્કંધો બાદરપરિણામવાળાં છતાં આપેક્ષિક સૂક્ષ્મ છે, ઔદારિક યોગ્ય અનન્ત વર્ગણાઓમાં પણ જઘન્ય વર્ગણાના સ્કંધથી આગળ આગળ યાવત્ ઉત્કૃષ્ટ વર્ગણા સુધીના સ્કંધો આપેક્ષિક સૂક્ષ્મ છે. આ ઉપરથી એટલું સ્પષ્ટ અનુમાન થાય છે કે સ્કંધોમાં જેમ જેમ પ્રદેશોનું બાહુલ્ય તેમતેમ પ્રદેશોનું અન્યોન્ય પ્રવિષ્ટપણું તેમજ સઘનપણું વિશેષ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને અગુરુલઘુ પર્યાયો ક્રમશઃ અનન્ત-ગુણવૃદ્ધિએ વધતા જાય છે. એમ ત્યાં સુધી જાણવું કે યાવત્ સર્વ જઘન્ય બાદરસ્કંધ આવે. જે માટે કહ્યું છે કેઃ–

'परमाणु संखऽसंखा, सुहुमाणांताण बायराणं च।
एएसिं रासीतो, कमेण सव्वे ठवेऊणं ॥ १ ॥
तेसिं जो अंतिमओ, सव्वुक्कोसो य बायरो खंधो।
तस्स बहू गुरुलहुया, अगुरुलहुपज्जवा थोवा ॥२॥
तत्तो हिट्ठाहुत्ता, अणंतहाणीए गुरुलहू नेया।
अगुरुलहू वुड्ढीए, एवं ता जाव उ जहन्नो ॥३॥

ભાવાર્થ–ઉપર કહેવાઇ ગયો છે. તાત્પર્ય એ થયું કે બાદરપરિણામી સર્વોત્કૃષ્ટ સ્કંધમાં ગુરુલઘુ પર્યાયો ઘણાં છે અને અગુરુલઘુ પર્યાયો થોડા છે, તેમજ બાદર-પરિણામી સર્વ જઘન્ય સ્કંધમાં ગુરુલઘુ પર્યાયો થોડા છે અને અગુરુલઘુ પર્યાયો ઘણાં છે.

ત્યારબાદ સૂક્ષ્મપરિણામી અનન્તપ્રદેશી સ્કંધોમાં કેવળ અગુરુલઘુ પર્યાયો છે જ અને તે સૂક્ષ્મ સૂક્ષ્મતર સ્કંધોમાં અનન્ત-ગુણવૃદ્ધિએ અગુરુલઘુ પર્યાયો જાણવા. એ પ્રમાણે યાવત્ પરમાણુમાં પણ અગુરુલઘુ પર્યાય સમજવા. એ પ્રમાણે પુદ્ગલાસ્તિકાયમાં પર્યાયોના પરિમાણનું અલ્પબહુત્વ વિચાર્યું.

## અરૂપી દ્રવ્યોમાં અગુરુલઘુ પર્યાયો

હવે ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યો તેમજ તેમાં વર્તતા અગુરુલઘુ પર્યાયોની વિચારણા કહેવાય છે. [ ચાલુ ]

એટલું જ નહિં પરંતુ એક વિવક્ષિત સ્કંધવર્તી અનન્ત પ્રદેશો પૈકી ઘણા પ્રદેશો પરસ્પર દૃઢ સંબંધવાળા છે. અને ઘણા થોડા શિથિલ સંબંધ-વાળા છે એમ અનુમાન થઇ શકે છે. એ વિવક્ષિત સ્કંધમાંના જે પ્રદેશો હજુ શિથિલ અદૃઢ સંબંધ-વાળા છે તેઓએ પરમાણુ અવસ્થામાં રહેલો પોતાનો અગુરુલઘુ પર્યાય હજુ છોડ્યો નથી, અને જે દૃઢ સંબંધવાળા થવા સાથે અન્યોન્ય પ્રવિષ્ટ થઇ ગયાં છે તેઓએ પોતાનો પરમાણુ અવસ્થામાં રહેલો અગુરુ-લઘુ પર્યાય છોડી દીધો છે અને ગુરુલઘુ પર્યાય-રૂપે પરિણમ્યા છે. એ અપેક્ષાએ સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધના ગુરુલઘુ પર્યાયો ઘણા અને અગુરુલઘુ પર્યાયો અલ્પ હોય એમ સંભવે છે. સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધથી સર્વ જઘન્ય બાદર સ્કંધ તરફ આવીશું તો ક્રમશઃ ગુરુલઘુ પર્યાયો ઓછાં ઓછાં થતાં જશે અને અગુરુલઘુ પર્યાયો વધતા થશે, યાવત્ સર્વ જઘન્ય બાદરસ્કંધમાં ગુરુલઘુ પર્યાયો ઘણા થોડાં છે અને અગુરુલઘુ પર્યાયો ઘણાં છે, એ ઉપર કહેલી વાતથી બરાબર સિદ્ધ થાય છે. અને તેમ થવામાં દૃઢ સંબંધ તથા શિથિલ સંબંધને કારણ માનવું ઉચિત સમજાય છે, છતાં આ વિચારણામાં કાંઇ પણ શાસ્ત્ર વિરુદ્ધ હોય તો 'મિચ્છામિ દુક્કડં' છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આપણું અપૂર્વ સાહસ

લેખક : આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી.

તલને પીલીને તો સહુ કોઇ તેલ કાઢી શકે છે, કારણ કે તેમાં તેલ રહેલું છે; પણ જેમાં અંશમાત્ર પણ તેલ નથી એવી રેતીને પીલીને તેલ કાઢવાને પ્રયત્ન કરનારમાં કેટલું ડહાપણ હોવું જોઇએ અને તેને કેવા ઉપનામથી ઓળખવો જોઇએ ? અપૂર્વ સાહસી.

વર્તમાન કાળમાં સુખ તથા આનંદ માટે વલખાં મારનારાઓ અપૂર્વ સાહસ ખેડી રહ્યા છે. સમર્થ વ્યક્તિયો જે કાર્ય કરવાને અસમર્થ નિવડી છે, તે કાર્ય કરવાને ચોવીશે કલાક પ્રયત્ન કરી રહ્યા છે. જે વસ્તુ સ્વભાવથી જ અશુચી છે તેને શુચી, અસ્થિરને સ્થિર, ક્ષણિકને અક્ષણિક અને અસારને સાર બનાવવામાં જ પોતાનું ઉત્તમ માનવ જીવન વેડફી રહ્યા છે.

રુધિર, હાડકાં, માંસ, ચરબી, મળ-મૂત્ર આદિથી બનેલો અપવિત્ર અને દુર્ગંધમય શરીરને પવિત્ર અને સુગંધીમય બનાવવાને માટે પાણીનો છૂટથી ઉપયોગ કરીને દિવસમાં બે ચાર વખત ધુવે છે, તેમજ અત્તર ફૂલેલ આદિ સુગંધી વસ્તુઓનું વિલેપન કરે છે, મુખની દુર્ગંધ દૂર કરવાને એલચી આદિ સુગંધી વસ્તુઓ ખાય છે; છતાં સફળતા મેળવી શકયા નથી. વિષ્ટાથી ભરેલી કપડાની કોથળીને પવિત્ર અને સુગંધમય બનાવવા વારંવાર પાણીથી ધોનાર અને સુગંધી વસ્તુઓનું વિલેપન કરનાર કેવી રીતે સફળતા મેળવી શકે ?

યૌવન, ધન અને જીવનને સ્થિર રાખવાને માટે મનુષ્યો કાંઇ ઓછું સાહસ કરતા નથી. દેહમાં હમેશાં જુવાની દેખાય, અર્થાત્ બાલ ધોળા ન થાય, ચામડીમાં કરચલીયો ન પડે, માંસ સુકાઇ જઇને હાડકાં ઉપર ન આવે એટલા માટે અનેક પ્રકારના ઔષધોનો ઉપચાર કરે છે, અપૂર્ણ પૂન્યવાળા અનેક જીવોનો નાશ કરે છે અને અનેક પ્રકારના રસાયણિક પ્રયોગો કરે છે; પણ જે વસ્તુ સ્વભાવથી જ અસ્થિર છે તે સ્થિર કેવી રીતે રહી શકે? યુવાવસ્થા ટકાવી રાખવા ધન તથા જીવન ખરચીને ચોવીશે કલાક કરેલી દેહની સેવા પરિણામે ફળવાળી થતી નથી. જે યુવાવસ્થા બાલ્યાવસ્થાની અસ્થિરતાજન્ય છે તે સ્થિર સ્વભાવવાળી ન જ હોઇ શકે. જેનું કારણ અસ્થિર છે તેનું કાર્ય સ્થિર ન જ થઇ શકે, અને જો સ્થિર થાય તો યુવાવસ્થા કદી આવે જ નહિં.

ધનને સ્થિર રાખવા લોઢાની તીજોરિયો બનાવી, તેમાં મૂકીને તાળાં વાસે છે, જમીન ખોદીને તેમાં દાટે છે, ધન લઇ જવાનો, નાશ કરવાને કે સ્વામી બનવાનો જેના ઉપર વ્હેમ જાય છે તેનો નાશ કરવાને પ્રયત્ન કરે છે; તો પણ ધન ટકતું નથી. અને જો ધન ટકે તો ધનવાન બની જ ન શકે, અર્થાત્ ધનવાન કંગાળ ન થાય, અને કંગાળ કદાપિ ધનવાન ન થાય; કારણ કે સ્થિર સ્વભાવવાળી વસ્તુ રૂપાંતર કે સ્થળાંતર કરી શકતી નથી, અને એટલા જ માટે જેની પાસે ધન ન હોય તે હમેશાં ગરીબ જ રહે અને જેની પાસે ધન હોય તે ધનવાન જ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેહ–જીવના સંયોગ રૂપ જીવન અસ્થિર છે, વિયોગી સ્વભાવવાળું છે, છતાં અસ્થિર સ્વભાવવાળા સંયોગોને સ્થિર સ્વભાવવાળા બનાવવાને માટે માનવીયો વધારે કાળજી અને પ્રયત્નવાળા હોય છે. અનેક જીવોના દેહ–સંયોગરૂપી જીવનનો વિનાશ કરે છે, અર્થાત્ પરના દેહ–જીવના સંયોગનો વિયોગ પોતાના દેહ–જીવના સંયોગને સ્થિર બનવવા વાપરે છે, પણ તે વિયોગ, સંયોગને સ્થિર બનાવી શકતો નથી.

અસાર સંસારને સાર બનાવવા વલખાં મારનારાઓ છેવટે નિરાશ થઈને જ વિદાય થયા છે. બાગ, બંગલા, વસ્ત્ર, ઘરેણાં, નાટક, સિનેમા, મોટર, અનેક પ્રકારનાં મનગમતાં ભોજનો, અનેક પ્રકારનાં વિષયતૃપ્તિનાં સાધનો અને વખતોવખત બદલાતાં મોહના ઉદ્દીપક વેશ ભાષા, તથા આકૃતિ–પ્રકૃતિયોની વિલક્ષણતા વિગેરે વિગેરે વસ્તુઓ અને ભાવો દ્વારા સંસારને સાર બનાવવા બુદ્ધિ તથા જીવન ખરચીને અથાગ પરિશ્રમ કરવા છતાં પણ આજસુધીમાં કોઇએ પણ સફળતા મેળવી નથી.

જન્મ્યા પછી માતાપિતાએ ઓળખાણની ખાતર રાખેલાં બનાવટી નામોને શાશ્વતાં બનાવવા–અમર રાખવા–માટે પણ કાંઇ ઓછો પ્રયાસ સેવવામાં આવતો નથી. સમજુ કે અણસમજુ, ત્યાગી કે ભોગી, પ્રાયઃ આખો ય માનવ સમાજ નામના–પ્રસિદ્ધિની ખાતર તનતોડ પ્રયત્ન કરી રહ્યો છે. ધનવાળા ધન, જીવનવાળા જીવન, સંયમવાળા સંયમ, ચારિત્રવાળા ચારિત્ર, જ્ઞાનવાળા જ્ઞાન, બોધવાળા બોધ, અને બુદ્ધિવાળા બુદ્ધિ, તાત્પર્ય કે પ્રાચ્ય પુન્યોદયથી જેને જે કાંઇ બક્ષિસ મળી છે તેનો ઉપયોગ કલ્પિત, બનાવટી અને દેહવિલયની સાથે સાથે જ નષ્ટ થનારાં નામોને ચિરસ્થાયી અથવા તો યુગાન્ત સુધી સ્થિર રાખવાને માટે જ માટે ભાગે કરવામાં આવે છે.

કલ્પના શિલ્પીયે દેહ ઉપર કોતરેલાં નામોનો ચિરસ્થાયી બનાવવા પથરાઓ ઉપર કોતરાવી ધર્મસ્થળો અથવા તો સામાન્ય મકાનોની દીવાલોમાં ચોંટાડીને અમર નામ રાખવાનું સાહસ કરાય છે; પણ તે પથરાઓ કાળાંતરે નષ્ટ થતાંની સાથે જ નામ પણ નાશ પામી જાય છે, અને આ હેતુથી વાપરેલી પોતાની ઇષ્ટ વસ્તુઓ નિષ્ફળ થાય છે. નાશવાન દેહને ઓળખવા માટે રાખવામાં આવેલાં નામોને વર્તમાન પદ્ધતિથી આજ સુધીમાં કોઇ પણ અવિનાશી બનાવી શક્યું નથી.

ગુણશૂન્ય કેવલ નામ માત્રના ઉપચારથી કોઈ પણ વસ્તુ મહત્ત્વતા મેળવી શકતી નથી છતાં વર્તમાન કાળમાં પ્રચારની પદ્ધતિને અનુસરીને મહાન બનવાનું સાહસ ઓછું ખેડાતું નથી. વિપિન, અરુણ શરચ્ચંદ્ર, લક્ષ્મીપતિ, જગત્પૂજ્ય, સર્વતંત્રસ્વતંત્ર વિગેરે વિગેરે નામોપચાર દ્વારા ગુણ પ્રાપ્ત કરીને કોઇ પણ મહાન બની શક્યું નથી, છતાં નામોપચારથી જ મહાન બનવાની પ્રવૃત્તિની પ્રતિદિન પ્રગતિ જોવામાં આવે છે, તે કાંઈ ઓછું સાહસ કહેવાય ? કેવળ નામ માત્ર ધારણ કરીને પરમેષ્ઠી પદ મેળવવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયત્ન કરવો તે પણ સાહસની પરાકાષ્ઠા જ કહી શકાય.

મોહોત્પાદક નિમિત્તોથી વેગળા રહીને તો ઘણાઓએ મોહને જીત્યો છે; પણ મોહના ઘરમાં રહીને મોહને જીતવા પ્રયત્ન કરવો તે સર્વ સાહસોમાં પ્રધાન સાહસ જ ગણાય. સુંદર સુંદર વસ્ત્રો તથા આભૂષણોમાં સજ્જ થયેલી નવયૌવનવાળી સ્ત્રીઓના સહવાસમાં રહેવું, વાસમાં રહેવું અથવા તો વધુ પરિચયમાં આવવું, મનને ખૂબ ગમે, પસંદ પડે, આંખોને બહુ જ સુંદર લાગે તેવા મકાનોમાં રહેવું, શરીરની શોભા વધારનારાં, સુખદ સ્પર્શવાળાં વસ્ત્રો વાપરવાં, જીભને બહુ જ ભાવે તેવાં ભોજન કરવાં, અને મોહના બળને વધારનાર ચિત્તાકર્ષક વસ્તુઓવાળા વાસસ્થળોમાં વસીને મોહજેતા તરીકે કહેવડાવવું કે ઓળખાવવું તે કાંઈ ઓછું સાહસ ન સમજવું. પ્રાચીન કાળના મહાસત્ત્વશાળી મહાપુરુષોની મોહની જીતવાની પદ્ધતિથી વર્તમાન કાળના માનવ સમાજની પદ્ધતિની વિલક્ષણતા સ્પષ્ટ દૃષ્ટિગોચર થઇ રહી છે, અને તે ઉદ્દેશને કેટલી અનુકૂળ છે તે વર્તમાન કાળનો બુદ્ધિશાળી ધર્મીષ્ટ માનવ સમાજ સારી રીતે સમજી શકે છે.

થોડાક સમયથી આત્મિક ધર્મ, વીતરાગતા અને સમભાવને વિકસાવવાને માટે નૂતન પદ્ધતિનો આવિષ્કાર થયો છે, અને તે વીતરાગ દશા પ્રાપ્ત કરનારા પૂર્વ પુરુષોની પદ્ધતિથી પ્રાયઃ સર્વથા ભિન્ન ભાસે છે.

ધર્મને માટે અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર વીતરાગતા અને સમભાવના આદિ આત્મિક ગુણોને માટે, જીવાત્માઓની સાથે વિરોધ કરવો, શત્રુતા ધારણ કરવી, આદર્શ જીવને હલકા પાડવા, હલકા વિચારો રાખવા, નીચ પ્રયત્નો આદરવા, અસત્ય, માયા–પ્રપંચનો અત્યંત આદર કરવો, જડ તથા જડના વિકારોમાં અત્યંત આસક્તિ રાખવી, ગુણવાનોની મહત્ત્વતાથી અંજાઇ જઇને અદેખાઈ–અસહિષ્ણુતાથી ગુણવાનો ઉપર જૂઠા આક્ષેપો કરવા વિગેરે વિગેરે પ્રવૃત્તિ આદરીને પોતાને ધર્મીના નામથી ઓળખાવીને, આત્મિક ગુણોના વિકાસ માટે સતત પ્રયત્ન કરવો તે આત્મવિકાસની નવીન શોધ પ્રમાણે અપૂર્વ સાહસ જ કહેવાય. રાગદ્વેષના સેવનને વીતરાગ દશા મેળવવાનું સાધન કહેવું તે કેટલું બધું સાહસ? વિષયને જીતવાનું સાધન બનાવનાર ઓછા સાહસી ન કહેવાય. સિંહનું મોઢું-ચ્હેરો પહેરીને શ્વાન ભલે સિંહ બનવાનું સાહસ કરે પણ સિંહણના પેટે અવતરેલ સિંહ તો તે બની શકે જ નહીં. સિંહનો ચ્હેરો માત્ર જોઇને ભોળાં મેઢાં ભલે સિંહ માનીને ડરી જાય પણ હાથી જેવું ચતુર પ્રાણી તો ચ્હેરાની પાછળ રહેલી શ્વાનની વૃત્તિને ઓળખી શકે છે, અને એ તેનાથી ભય ન પામતા તેના સાહસને હસી કાઢે છે.

આ પ્રમાણે અને બીજી રીતે અનેક પ્રકારનાં સાહસો વર્તમાન કાળમાં ખેડાય છે, છતાં આજ સુધીમાં કોઇએ પણ સફળતા મેળવી નથી, માટે આવાં સાહસો છોડી દઇને પૂર્વે થઇ ગયેલા જ્ઞાની મહાપુરુષોના માર્ગમાં રહીને પ્રયત્ન કરવામાં આવે તો કેટલેક અંશે સફળતા મળી શકે ખરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ સપરિવારનું ચૌમાસું અંબાલા શહેરમાં હોવાથી શ્રી સંઘમાં ઘણો જ ઉત્સાહ ને આનંદ વ્યાપી રહ્યો.

ચાતુર્માસ દરમ્યાન તપશ્ચર્યાદિ ધાર્મિક કાર્યો થયા. જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીની જયન્તિ તથા આચાર્ય મહારાજશ્રીની જન્મજયન્તિ અને કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યશ્રીનો જન્મજયંત્યુત્સવ આદિ ધામધૂમથી ઉજવવામાં આવ્યા. વિવિધ વિષયો પર વિદ્વાનોના ભાષણો થયા.

ઘણા બંધુઓએ અભક્ષ્યનો ત્યાગ કર્યો. બપોરે વિદ્વદ્‌વર્ગ ચર્ચા કરી આત્મસંતોષ માનતા. શ્રી આત્માનંદ જૈન કોલેજનું ફંડ પણ થયું.

આચાર્યશ્રીજીના દર્શનાર્થે દેશદેશાવરોથી આવેલા સેંકડો બંધુઓની ભક્તિ શ્રી સંઘે સારી કરી. આવી રીતે અંબાલાનું ચાતુર્માસ સફળ કરી આચાર્ય મહારાજે કારતક વદ બીજના દિવસે વિહાર કર્યો ને ભાવિકોની હાજરી વચ્ચે વિહાર કરી છાવણી પધાર્યા. અત્રે આપણા ચાર ઘર છે પણ સામૈયામાં સેંકડોની હાજરી હતી. દિગમ્બર બંધુઓની સારા પ્રમાણમાં ઉપસ્થિતિ હતી. લાલા શીબામલજીના મકાનમાં પ્રાથમિક દેશના આપી હતી. બપોરે બે વાગે શાસ્ત્રાર્થ સંઘ તરફથી આચાર્ય મહારાજનું જાહેર વ્યાખ્યાન 'મનુષ્ય ધર્મ' ઉપર થયું હતું. શ્રોતાઓની સંખ્યા ચાર પાંચ હજારની હતી. વ્યાખ્યાનાન્તર દિગમ્બર પંડિતજીએ શાસ્ત્રાર્થ સંઘની વતી ઊભા થઇ આચાર્ય મહારાજની ઘણી જ પ્રશંસા કરી જણાવ્યું હતું કે અમારા જૈન સમાજમાં આવા પ્રભાવશાલી મહાપુરુષોની ઘણી જ આવશ્યકતા છે.

કારતક વદ છઠના દિવસે ઘણા જ સમારોહથી સાઢૌરાનગરમાં પ્રવેશ થયો. નગરના પ્રતિષ્ઠિત આગેવાનો ઉપરાંત સેંકડોની સંખ્યામાં જૈન બંધુઓની હાજરી હતી. આચાર્યશ્રીજી સ્થાનકમાં બિરાજમાન થઇ દરરોજ વિવિધ વિષયો પર ઉપદેશ આપતા હતા. પ્રતિષ્ઠા મહોત્સવ ઘણી જ ધામધૂમથી ઉજવાયો. પ્રતિષ્ઠા સંબંધી વિધિવિધાન કરાવવા છાણીથી શેઠ નગીનદાસભાઇ તથા સોમચંદભાઇ આવ્યા હતા. માગસર સુદિ છઠે આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં કુંભસ્થાપન કરાવી વિધિવિધાન પ્રારંભ કર્યું, બપોરે પ્રભુ પ્રતિમાજીને ઘણી જ ધામધૂમથી નગરબહાર તૈયાર કરેલા મંડપમાં પધરાવવામાં આવ્યા. આ પ્રસંગે પંજાબ આદિથી સારા પ્રમાણમાં ભાવિકો આવ્યા હતા. મહા સુદિ સાતમ અને આઠમ–એમ બે દિવસોમાં શ્રી આત્માનંદ જૈન મહાસભાનું ૧૦ મું અધિવેશન જીરા નિવાસી વકીલ બાબુરામજી જૈન એમ. એ. ની અધ્યક્ષતામાં ભરવામાં આવેલ. સ્વાગતાધ્યક્ષ લાલા સુરતરામજી તથા મહાસભાના અધ્યક્ષ બાબુરામજી જૈનના મનનીય ભાષણો થયા હતા. આચાર્ય ભગવંત શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજે તેમજ પંન્યાસજી મહારાજ શ્રી સમુદ્રવિજયજી ગણિએ કીમતી ઉપદેશ આપ્યો હતો. સમયાનુસાર ઠરાવો પણ સારા થયા હતા.

છઠથી દશમ સુધી દરરોજ આચાર્ય ભગવંતના વ્યાખ્યાનો મંડપમાં ભિન્ન ભિન્ન વિષયો પર થતા હતા. બહાર ગામથી આવેલ ભજન મંડલીયોના ભજનો થતા હતા. રાતના પંડિત હંસરાજજી શાસ્ત્રીના ભાષણો અને ભજનો થતા બન્ને વખતે તેમજ બપોરે હજારો માણસોની મેદની જામતી

નવમીના દિવસે રથયાત્રાનો વરઘોડો નીકળ્યો. રથયાત્રાની શોભા અજબ હતી. હુશીયારપુરની,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંબાલાની તેમજ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ ગુજરાવાલાની અને દિગમ્બર સ્થાનકવાસી સનાતન આદિ ભજનમંડલીયો આવી હતી. અંબાલાથી આવેલ બે મજલાના ચાંદીના રથમાં પ્રભુ પ્રતિમાજી બિરાજમાન હતા. આસપાસના ગામોના લોકો હજારોના પ્રમાણમાં જોવા માટે ઉતરી પડયા હતા. દશમના દિવસે શુભ મુહૂર્તમાં શ્રી આદીશ્વર પ્રભુને ગાદી પર બિરાજમાન કરવામાં આવ્યા હતા.

બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર ઘણી જ શાંતિપૂર્વક ભણાવવામાં આવ્યું હતું. અગીયારસના દિવસે પ્રાતઃકાલ વાજતેગાજતે ચતુર્વિધ શ્રી સંઘની સાથે આચાર્યમહારાજના દર્શનાર્થે પધાર્યા હતા.

એકંદરે પ્રતિષ્ઠા મહોત્સવ ઘણી જ ધામધૂમથી શાંતિપૂર્વક થયો હતો. ભોજન–ઉતારાદિની વ્યવસ્થા પણ પ્રશંસનીય હતી. દેવદ્રવ્યાદિની ઉપજ સમયાનુસાર સારા પ્રમાણમાં થઈ હતી.

મુંબઈ આદિથી ઘણાં શેઠીઆઓ આચાર્ય મહારાજના દર્શનાર્થે આવ્યા હતા અને પંજાબના દહેરાસરોની યાત્રા કરી શ્રી આત્માનંદ જૈન કોલેજ અંબાલા, શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ–ગુજરાવાલા આદિ સંસ્થાઓ નિહાળી પાછા ફર્યા હતા.

આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા સમુદ્રવિજયજી ગણિ. આદિ સપરિવાર સાઢૌરાથી વિહાર કરી શાહપુર પધાર્યા.

અત્રેથી વિહાર કરી ઉમરી, શયપુર, કરનાલ, પાણીપત, સંભાલકા, હથ્થવાલાણા થઇ છપરૌલી પધાર્યા.

છપરૌલીથી વિહાર કરી મલકપુર પધાર્યા, અત્રે પણ બડૌતના ઘણા શ્રાવક–શ્રાવિકાઓ આવ્યા હતા.

બાર તેર વર્ષે આચાર્ય મહારાજ પ્રતિષ્ઠા નિમિત્તે પધારવાના હોવાથી આખા બડૌત નગરમાં આનંદ આનંદ છવાઇ ગયો. મુખ્ય મુખ્ય બજારોને ધ્વજા પતાકાઓથી શણગારવામાં આવ્યા હતા.

સર્વ કોમના આગેવાનો તેમજ બીજા સેંકડો બંધુઓની સામૈયામાં હાજરી હતી. તેમાં સનાતન પ્રેમમંડલ, દિગમ્બર જૈન સ્વયંસેવક મંડલ, જૈન પ્રેમ પ્રચારિણી સભા, શ્રી આત્મવલ્લભ જૈન સેવક મંડલ આદિ હતા. તેમજ લાલા જગજ્યોતસિંગજી સાહેબ રહીસ, લાલા જીયાલાલજી સાહેબ રહીસ, લાલા સુલતાનસિંગજી સાહેબ રહીસ, ચેરમેન મ્યુનિસીપાલીટી, ૮૪ ગામોના ચોધરી લાલા હરવંશસિંગજી સાહેબ, લાલા લક્ષ્મીચંદજી વકીલ, લાલા ઘાસીરામજી સાહેબ, પંડિત મનોહરલાલજી સાહેબ, લાલા રઘુવીરસર વકીલ, લાલા બુલન્દરાય સાહેબ, લાલા ફકીરચંદજી સાહેબ પટવારી, લાલા અતરસેનજી સાહેબ રહીસ, લાલા વિશ્વંભર સાહેબ, લાલા માંગીલાલજી સાહેબ, લાલા મિત્રસેનજી સાહેબ, લાલા ન્યામતમોતિજી સાહેબ, ક્ષત્રી લાલા શ્રી રામ રહીસ, લાલા કામતાપ્રસાદજી સાહેબ, લાલા બાબુલાલજી સાહેબ, આદિ સંભાવિત સદ્ગૃહસ્થોની ઉપસ્થિતિ ખાસ ધ્યાન ખેંચનારી હતી, બીનોલીથી બાબુ કીર્તિપ્રસાદજી તથા લાલા જુગમંદરજી અને ખીંવાઇ. મલકપુર આદિના સદ્ગૃહસ્થો પધાર્યા હતા.

મુખ્ય મુખ્ય લતાઓમાં ફરી દહેરાસરના દર્શન કરી આચાર્ય ભગવંતે ઉપાશ્રયે પધારી માંગલિક સંભળાવ્યું અને બાબુ કીર્તિપ્રસાદજીએ સૌ ભાઇઓનો આભાર માન્યો. મહા સુદિ સાતમની પ્રતિષ્ઠા હોવાથી ધમધોકાર તૈયારીઓ ચાલી રહી છે. નગરના સર્વ સંભાવિત સદ્ગૃહસ્થો આ પ્રતિષ્ઠાના કાર્યમાં રસ લઇ રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવન ચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તાર પુર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો **જૈન સમાજ** અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## શ્રી પરમાત્માના ચરિત્રો.

(ગુજરાતી ભાષામાં) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦

૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦

૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦

૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦

૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦

૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ ) २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्प भाग ४-५

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## અમારા ગ્રાહકોને સૂચના.

ગયા વરસથી બ્રિટીશ સરકારના પોસ્ટ ખાતાના ફરમાન મુજબ દર ઇંગ્રેજી મહિનાની ૨૦ મી તારીખે " શ્રી આત્માનંદ પ્રકાશ " પ્રગટ થતું હતું. તે સને ૧૯૩૯ ના વર્ષથી દર ઇંગ્રેજી મહિનાની ૫ મી તારીખે પ્રગટ થશે અને એ રીતે અમારા ગ્રાહકોને તે દરમ્યાન શ્રી "આત્માનંદ પ્રકાશ" મળી જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# નમ્ર નિવેદન

ગુજરાતની પુણ્યભૂમિમાં સ્થળે સ્થળે ધાર્મિક પાઠશાલાઓ તથા શ્રાવિકા-શાલાઓ સ્થપાયેલી હોવાથી નાનપણમાં બાળક–બાળિકાઓ તથા નાની મોટી વયના શ્રાવક–શ્રાવિકાઓ કેળવાયલા હોય છે. ચારિત્રમોહિનીના ક્ષયોપશમે કોઇ જીવને જ્યારે ચારિત્ર ઉદય આવે છે ત્યારે ગૃહસ્થાશ્રમમાં લીધેલી ધાર્મિક કેલવણી તેમને બહુ સહાયભૂત થાય છે. અમારા મારવાડ દેશમાં તેવા સાધુ-ઓને અભાવે બાલવયમાં કે મોટી વયમાં કેલવણી આપવાના સાધનો નથી. કોઇ જીવને ચારિત્રમોહનીના ક્ષયોપશમે જ્ઞાનયોગના અભાવે તેઓ શાસ્ત્ર પ્રવૃતિ કરી શકતા નથી, તેથી અમોએ પ્રારંભિક શિક્ષણ લેનાર પૂજ્ય સાધુ સાધ્વી મહારાજના પઠન–પાઠન માટે એક જૈન પંડિતની યોજના કરી છે. પંડિતજી માર્ગોપદેશિકાની બન્ને બુકો, લઘુવૃત્તિ વ્યાકરણ, ગદ્ય પદ્ય કાવ્યો, વાગ્ભટ્ટાલંકાર, ધાર્મિકમાં પંચ પ્રતિક્રમણ મૂલ તથા અર્થ સહિત, જીવ વિચ.ર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી, ક્ષેત્રસમાસ, છ કર્મગ્રંથ તથા ત્રણ ભાષ્યો ઉપરાંત શાંતિનાથ ચરિત્ર, પાર્શ્વનાથ ચરિત્ર, વર્ધમાન દેશના, ઉપદેશ પ્રાસાદ, ઉપદેશમાલા, શીલોપદેશમાલા આદિ ગ્રંથો સાધુ સાધ્વીજી મહા-રાજને ભણાવશે; તેથી અભ્યાસના ખપી પૂજ્ય સાધુ સાધ્વી મહારાજોએ અમારા ઉપર કૃપા કરી ઉમેદપુર પધારવા અમારી વિનંતિ ધ્યાનમાં લેવી. તેઓશ્રીની બનતી સેવા–ભક્તિ કરવા અમો સતત તૈયાર છીએ. ગામમાં શ્રાવકોની ત્રીસ ઘરની વસ્તી છે. ધર્મશાલા તથા ઉપાશ્રયની જોગવાઇ છે. જૈન બાલાશ્રમના પંડિતજી તેઓશ્રીને ગામમાં આવી અભ્યાસ કરાવી શકશે. ગામ અને બાલાશ્રસ તદ્દન જોડે જ વસેલા છે.

નિવેદક,

ગુલાબચંદજી ઢઢા એમ. એ.

ઓનરરી ગવર્નર, શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ–ઉમેદપુર

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only